પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૩૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૨-૦૫-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### G7ની ચીનને ચેતવણી

## કોઈનો દબદબો સ્વીકાર્ય નથી : આર્થિક સ્થિતિને હથિયાર બનાવાશે તો પરિણામ ભોગવવા પડશે

ટોકયો,

વિશ્વની સાત વિકસિત અર્થવ્યવસ્થાના સંગઠન જી૭એ સંયુક્ત નિવેદનમાં ચીનને કડક ચેતવણી આપી છે. સંસ્થાએ ચીનનું નામ લીધા વિના વિશ્વમાંથી કોઈપણ એક દેશનું આર્થિક વર્ચસ્વ ખતમ કરવાના શપથ લીધા હતા. જાપાનના હિરોશિમા શહેરમાં સંસ્થાની બેઠકના બીજા દિવસે સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું.




આ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે જો જી- ૭ અને તેના ભાગીદાર દેશોની આર્થિક સ્થિતિનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવશે તો તેના પરિણામોનો સામનો કરવો પડશે. કોઈપણ એક દેશના આર્થિક વર્ચસ્વને રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. જી૭ દેશોએ ચીનને અપીલ કરી છે કે તે યુક્રેન સાથે યુદ્ધ ખતમ કરવા માટે રશિયા પર દબાણ કરે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા જાપાનના હિરોશિમા ખાતે પહોંચ્યા છે. આ દરમિયાન PM મોદીએ હિરોશિમામાં ક્વાડ દેશોના વડાઓ સાથે મુલાકાત કરી. હિરોશિમામાં 'ક્વાડ'ની વાર્ષિક સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન, જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિડા અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ક્વાડ દેશોએ નામ લીધા વિના ચીન પર નિશાન સાધ્યું. ક્ષેત્રમાં ચીની સૈન્યની આક્રમક પ્રવૃત્તિઓની વચ્ચે ક્વાડ નેતાઓએ કહ્યું, "અમે અસ્થિરતા અથવા એકતરફી પ્રવૃત્તિઓનો સખત વિરોધ કરીએ છીએ, જે બળજબરીથી યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કરે છે."

દી -૭ સમિટમાં ક્વાડની બેઠક દરમિયાન મોદીએ ક્વાડ દેશોના દિગ્ગજ નેતાઓની સાથે વૈશ્વિક પડકારો પર ચર્ચા કરી. તેમણે કહ્યું કે, આજે મિત્રોની વચ્ચે આ ક્વાડ સમિટમાં ભાગ લઈને આનંદ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે ક્વાડ ગ્રુપ ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. તેમાં કોઈ શંકા નથી કે ઈન્ડો પેસિફિક એ વેપાર, નવીનતા અને વિકાસનું એન્જિન છે.

પીએમ મોદીએ કહ્યું, "હું આ સમિટની સફળ અધ્યક્ષતા માટે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસને અભિનંદન આપું છું. ૨૦૨૪માં ક્વાડ નેતાઓના શિખર સંમેલનને આયોજિત કરવામાં ભારતને ખુશી થશે."વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ''અમે સર્વસંમત છીએ કે ઈન્ડો-પેસિફિકની સુરક્ષા અને સફળતા માત્ર આ ક્ષેત્ર માટે જ નહીં પરંતુ વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. રચનાત્મક એજન્ડા સાથે, અમે સહિયારા લોકતાંત્રિક મૂલ્યોના આધારે આગળ વધી રહ્યા છીએ. સહિયારા પ્રયાસોથી અમે મુક્ત, ખુલ્લા અને સર્વસમાવેશક ઈન્ડો-પેસિફિકના અમારા વિઝનને વ્યવહારુ પરિમાણ આપી રહ્યા છીએ. મારું માનવું છે કે, ક્વાડ વૈશ્વિક ભલાઈ, માનવ કલ્યાણ, શાંતિ માટે કામ કરવાનું ચાલુ રાખશે."

મોદીએ કહ્યું હતું, 'આજે પણ 'હિરોશિમા' શબ્દ સાંભળીને દુનિયા ચોંકી ઊઠે છે. જી-૭ સમિટ માટે મારી જાપાનની મુલાકાત દરમિયાન મને મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી હતી. 'આજે વિશ્વ જળવાયુ પરિવર્તન અને આતંકવાદ સામે ઝઝૂમી રહ્યું છે. જળવાયુ પરિવર્તન સામેની લડાઈમાં બાપુના આદર્શો હજુ પણ સુસંગત છે. તેમની જીવનશૈલી પ્રકૃતિ પ્રત્યે આદર, સમન્વય અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમા અહિંસાના વિચારને આગળ વધારશે. મેં જાપાનના પીએમને ભેટમાં આપેલું બોધિ વૃક્ષ અહીં હિરોશિમામાં વાવવામાં આવ્યું છે, જેથી લોકો અહીં આવે ત્યારે શાંતિનું મહત્ત્વ સમજી શકે.૨૦૨૨માં જાહેર કરાયેલા અમેરિકન ડેટા ઈન્ટેલિજન્સ ફર્મ 'ધ મોર્નિંગ કન્સલ્ટ'ના સર્વે અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એપ્રૂવલ રેટિંગમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સહિત ૨૨ દેશના નેતાઓને પાછળ છોડી દીધા છે. પીએમ મોદીનું એપ્રૂવલ રેટિંગ ૭૫% છે. તેઓ છેલ્લાં સતત બે વર્ષથી આ રેટિંગમાં ટોચ પર છે.

## નકલી પત્રકાર બની ખંડણી માગતા વિનય દુબે અને એક મહિલા વિરુદ્ધ ફરિયાદ

અમદાવાદ,

ઠગબાજોના સમાચાર આપતા પત્રકાર પણ હવે નકલી હોય તેવું સામે આવી રહ્યું છે. અમદાવાદમાં એક શખ્સે નકલી પત્રકાર બની કરોડોની ખંડણી માગતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદીના ઘરે ઈક્રમટેક્સના દરોડા પડ્યા હતા. આ દરોડાના સમાચાર છાપવાની ધમકી આપી વિનય દુબે અને પરિધિ નામની મહિલાએ ૩ કરોડની ખંડણી માગી હતી.



વિનય દુબે નામનો શખ્સે યુટ્યુબ ચેનલ ચલાવે છે અને તેને પત્રકાર તરીકેની ઓળખ આપી ખંડણી માગતા ફરિયાદીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. હાલ તો સમગ્ર મામલે નવરંગપુરા પોલીસે વિનય દુબે અને પરિધિ નામની મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અગાઉ વલસાડમાં નકલી પત્રકાર બની યુ-ટ્યૂબ ચેનલ ચલાવનારા સામે કાર્યવાહી કરાઈ હતી. આરોપી મોહમ્મદ અલી ઉર્ફે રિંકુ ગોલ્ડ કોઈન નામની યુ-ટ્યૂબ ચેનલ ચલાવી લોકો પાસેથી ઉઘરાણી કરતો હતો. જો કે, તેણે એક મહિલા સાથે છેતરપિંડી આચરીને રૂપિયા ૬૬ હજાર લીધા હતા. જે બાદ પૈસાને લઈ ધમકીઓ આપતો હતો. પોલીસે આ નકલી પત્રકારને પકડી કાર્યવાહી હાથ ધરી હતી. મહિલાએ વર્ષ ૨૦૧૯માં અન્ય મહિલા પાસે ધંધામાં ખોટ જતી હોવાનું જણાવી ૧.૮૦ લાખ ઉધાર માંગ્યા હતા. જે બાદ મહિલાને પરત કર્યા ન હતા.

જેથી મહિલાએ વલસાડના એક યુટ્યુબ ચેનલના રિપોર્ટરનો સંપર્ક કરીને ઉછીના રૂપિયા લઈને પરત ન આપતી મહિલા વિરુદ્ધ સમાચાર બનાવવા જણાવતા ખાનગી યુટ્યુબ ચેનલ ચલાવતા રિપોર્ટરે ૬૬ હજારની માંગણી કરી હતી. જેથી મહિલાએ રોકડા અને ડિજિટલ પેમેન્ટ વડે ચુકવણું કર્યું હતું. દિવસો સુધી ઉછીના આપેલા રૂપિયા પરત આવ્યાં ન હતા. જેથી મહિલાએ યુટ્યુબ ચેનલના રિપોર્ટરને આ બાબતે વાત કરતા તેઓએ અભદ્ર ભાષામાં વાત કરી હતી. જેને લઈ મહિલાએ સીટી પોલીસ મથકે યૂટ્યૂબ વડે ખાનગી ચેનલ ચલાવતા રિપોર્ટર વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. તો બીજી તરફ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગ્રામ્ય પંથકમાં ક્લિનીક ચલાવતા મહિલા તબીબ પાસે તોડબાજીના ઈરાદે કહેવાતા પત્રકારે રોફ છાંટી અછાજતી માંગણી કરી હતી અને જો તેમ નહિ કરે તો દવાખાનું બંધ કરાવી દઈશ તેવી ધાક ધમકી આપી ખંડણી માંગી હતી. આ અંગે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેને લઈને પત્રકાર હોવાનો રોફ છાંટતા દેવગડાના ઉમેશ ગોહિલ નામના શખ્સ વિરુદ્ધ બગદાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે આ શખ્સ વિરુદ્ધ ગામમાં અનેક ફરિયાદો અને આજુબાજુના વિસ્તારમાં ભારે રંજાડ હોવાનું પણ બહાર આવ્યું હતું.

## ૨૦૦૦ની નોટ બદલવામાં કોઈ તકલીફ નહીં પડે, SBI એ જાહેર કરી નવી ગાઈડલાઈન, લોકોને મળી બે છૂટ

મુંબઈ,

જો તમે ૨૩ મે ૨૦૨૩થી બેંકમાં ૨૦૦૦ની ચલણી નોટ બદલવા જઈ રહ્યાં હોવ તો તમારા માટે એક મહત્વના સમાચાર છે. સમાચાર એ છે કે તમે આઈડી પ્રૂફ વિના ૨૦૦૦ રૂપિયાની નોટને બીજી નોટો સાથે બદલી શકો છો. આ માટે તમારે કોઈ ફોર્મ ભરવાનું રહેતું નથી. દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાના પત્રમાં આ અંગેની જાણકારી આપી છે.




સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ની ચલણી નોટને લઈને એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. એસબીઆઈએ પોતાના નોટિફિકેશનમાં કહ્યું છે કે, ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે કોઈ પણ વ્યક્તિએ આઈ પ્રુફ આપવું પડશે નહીં કે કોઈ ફોર્મ ભરવું પડશે નહીં. ૨૦,૦૦૦ રૂપિયા સુધીની ૨૦૦૦ રૂપિયાની નોટ એક સાથે સરળતાથી બદલી શકાશે.

૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ની વચ્ચે, કોઈપણ વ્યક્તિ જેની પાસે ૨૦૦૦ રૂપિયાની નોટો છે તે બેંકમાં જઈને સામે એટલા પૈસા લઈ શકે છે જેને માટે વધારાનું કોઈ ફોર્મ ભરવાની જરુર નથી. જો કે, થાપણોને લઈને બેંકના જે પણ નિયમો છે તેનું પાલન કરવું પડશે.

જે લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે તેઓ બિઝનેસ કોર્સપોન્ડન્ટ સેન્ટરની મુલાકાત લઈને પણ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકે છે. પરંતુ કેન્દ્રમાં માત્ર ૪૦૦૦ રૂપિયા સુધીની ૨૦૦૦ રૂપિયાની નોટો બદલી શકાય છે. બિઝનેસ કોરસપોન્ડન્ટ્સ બેંકની જેમ કામ કરે છે. તેઓ ગ્રામજનોને બેંક ખાતા ખોલવામાં મદદ કરે છે. તેઓ લેવડદેવડ પણ કરે છે.

આરબીઆઈની દેશભરમાં ૩૧ જગ્યાએ રિજનલ ઓફિસ છે, પરંતુ અમદાવાદ, બેંગલુરુ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનઉ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટના અને તિરુવનંતપુરમમાં ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકાશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકોને તાત્કાલિક અસરથી ૨૦૦૦ રૂપિયાની નોટ બહાર પાડવાનું બંધ કરવાની સલાહ આપી છે. એટલે કે બેંકો હવે ગ્રાહકોને ૨૦૦૦ની નવી નોટ નહીં આપે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)એ 'ક્લીન નોટ પોલિસી' હેઠળ ૨૦૦૦ રૂપિયાની નોટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પોલિસી હેઠળ આરબીઆઇ ધીમે ધીમે ૨૦૦૦ની નોટ બજારમાંથી પાછી ખેંચી લેશે.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે STની ૩૨૧ બસોને લીલી ઝંડી આપી, જૂની બસોનું સ્થાન નવી બસો લેશે

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. જે પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અનેક કાર્યોના ખાતમહૂર્ત અને લોકાર્પણ કરી વિકાસયાત્રાને આગળ વધારી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ એ એસટી નિગમની ૩૨૧ નવી બસોને લીલી ઝંડી બતાવી હતી. ચાંદખેડા ખાતે યોજાયેલ એસટી નિગમના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ એ બસોને ફલેગ ઓફ કરાવ્યું હતું. જેની સાથે એસટી નિગમમાં ૩૨૧ નવી બસો ઉમેરાઈ છે. આ ૩૨૧ બસ કુલ ૧૦૪ કરોડના ખર્ચે તૈયાર કરાઈ છે. જેમાં ૧૬૨



મીડી બસ, ૯૯ સ્લીપર બસ અને ૫૮ ૨બાય૨ ની બસનો સમાવેશ થાય છે. જે ૩૨૧ બસમાં એક મીડી બસના ૨૭ લાખ. ૨બાય૨ ની એક બસ ૩૫ લાખ અને સ્લીપર બસ નો એક બસનો ભાવ ૩૮ લાખ છે. જેમાં સ્લીપર અને ૨બાય૨ બસ નરોડા એસ ટી વર્કશોપ પર તૈયાર કરાઈ છે. જ્યારે મીડી બસ તૈયાર લાવવામાં આવી છે. જેમાં ૧૬૪ મીડી બસ પાછળ ૪૪.૫૦ કરોડ ખર્ચ થયો છે. તેમજ ૫૮ જેટલી ૨ બાય ૨ બસ પાછળ ૨૦.૮૩ કરોડ ખર્ચ અને ૯૯ સ્લીપર બસ પાછળ ૩૭.૬૨ કરોડ ખર્ચ થયો છે. રાજ્યમાં ખાનગી હોય કે સરકારી બસો હોય તેમાં કેટલીક વાર આગ લાગવાની ઘટના સામે આવે છે. જે બસમાં આગ લાગતા આખી બસ બળીને ખાક થઈ જાય છે. તો મુસાફરોના જીવ પણ જોખમમાં મુકાય છે. ત્યારે આ પરિસ્થિતિ નવી બસોમાં ન બને તેને ધ્યાને રાખીને અને સરકારી નિયમને ફોલો કરીને નવી ૩૨૧ બસોમાં ફાયર એલાર્મ સિસ્ટમ તેમજ એક્સ્ટ્રીમ ગીઝર સહિતની વ્યવસ્થા રાખવામાં આવી છે. તો એન્જિન પાસે પણ વિશેષ એક્ટીમગીઝર મુકવામાં આવ્યા છે.જે આગ લાગતા ની સાથે જ કાર્યરત થશે અને મશીનને આગળની લપેટમાં આવતા બચાવશે. સાથે આલારામ વાગતા મુસાફરોને પણ આગની ઘટનાની જાણ થતા મુસાફરો પોતાના જીવ બચાવી શકશે.

## વિદેશી રોકાણકારોએ મે મહિનામાં અત્યાર સુધીમાં ૩૦૯૪૫ કરોડ ભારતીય શેરોમાં મૂક્યા છે

નવીદિલ્હી,

મજબૂત મેક્રો ઈકોનોમિક ફંડામેન્ટલ્સ, વ્યાજદરમાં કાપની શક્યતા, કંપનીઓના સારા ત્રિમાસિક પરિણામો અને શેરોના મૂલ્યાંકનમાં ઘટાડા વચ્ચે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ મે મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારમાં રૂ. ૩૦,૯૪૫ કરોડનું રોકાણ કર્યું છે. આ સાથે ભારતીય શેરબજારમાં એફપીઆઈનો ચોખ્ખો પ્રવાહ આ વર્ષે રૂ. ૧૬,૩૬૫ કરોડ સુધી પહોંચી ગયો છે.

જિયોજીત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે આગળ જતાં, ભારતીય અર્થતંત્ર અને કોર્પોરેટ અર્નિંગમાં વધારો થવાની સંભાવનાઓ વચ્ચે ભારતમાં એફપીઆઈ રોકાણનો પ્રવાહ ચાલુ રહેશે. ડિપોઝિટરી ડેટા અનુસાર, એફપીઆઈએ ૨ મેથી ૧૯ મે દરમિયાન ભારતીય ઈક્વિટીમાં ૩૦,૯૪૫ કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ કર્યું છે. અગાઉ એપ્રિલમાં, તેઓએ ચોખ્ખા ધોરણે શેરમાં રૂ. ૧૧,૬૩૦ કરોડ અને માર્ચમાં રૂ. ૭,૯૩૬ કરોડનું રોકાણ કર્યું હતું.

માર્ચનું રોકાણ મુખ્યત્વે અદાણી જૂથની કંપનીઓમાં યુએસ સ્થિત જીક્યુજી પાર્ટનર્સ દ્વારા આવ્યું હતું. વધુમાં, ૨૦૨૩ ના પ્રથમ બે મહિનામાં, એફપીઆઈએ ઈક્વિટીમાંથી ચોખ્ખા ધોરણે રૂ. ૩૪,૦૦૦ કરોડથી વધુ ઉપાડ્યા હતા. ઈક્વિટી ઉપરાંત, એફપીઆઈએ પણ મે મહિનામાં ડેટ અથવા બોન્ડ માર્કેટમાં રૂ. ૧,૦૫૭ કરોડનું રોકાણ કર્યું હતું.

## આઝમ ખાનના નજીકના સીઓ અલે હસનને કોર્ટમાંથી રાહત મળી નહીં, ૧૮ કેસમાં જામીન અરજી ફગાવી

રામપુર,

સમાજવાદી પાર્ટીની સરકારમાં રામપુરના નાયબ પોલીસ અધિક્ષક અલે હસન ખાન પર આઝમ ખાનની જૌહર યુનિવર્સિટી માટે જમીન લેવા માટે ખેડૂતોની હત્યા કરવાનો આરોપ હતો. મારપીટ, ઉત્પીડન અને બળજબરીથી જમીન લેવાના ૨૭ કેસ છે. એમપી એમએલએ કોર્ટ, રામપુરની વિશેષ અદાલતમાં વિચારણા હેઠળ છે. કોર્ટની સુનાવણી દરમિયાન તેની સતત ગેરહાજરીને કારણે પોલીસે તેને દ્રમ્ઉની સેવા આપ્યા બાદ ૭ મેના રોજ કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. હવે, તેની સુનાવણી દરમિયાન, સ્પેશિયલ કોર્ટ MP MLA કોર્ટ મેજિસ્ટ્રેટ ટ્રાયલ દ્વારા ૧૮ કેસોમાં અલે હસનના જામીન પત્રને ફગાવી દેવામાં આવ્યા છે, બાકીના ૯ કેસોમાં સુનાવણી માટે ૨૨ મેની તારીખ નક્કી કરવામાં આવી છે.

આ મામલે પ્રોસિક્યુશન ઓફિસર અમરનાથ તિવારીએ કહ્યું કે વર્ષ ૨૦૧૯માં અઝીમ નગર પોલીસ સ્ટેશનના ખેડૂતોએ કેસ નોંધ્યો હતો. આલે હસન ખાન અને મોહમ્મદ આઝમ ખાન અને તેમના સાથીદારો સામે, જેમાં પોલીસે તપાસ બાદ ૩૦ કેસમાં ચાર્જશીટ નામદાર કોર્ટમાં મોકલી આપી હતી. અલે હસન તેમાં વોન્ટેડ હતો અને લાંબા સમયથી ગેરહાજર ચાલી રહ્યો હતો. પતરાવલી હાજર હતા અને ૨ કેસમાં ગુના નંબર ૨૫૪ અને ૨૬૧માં દ્રમ્ઉ ચાલુ હતું, જેમાં પોલીસે ૭મીએ અલે હસનની ધરપકડ કરી હતી અને અલે હસનને ડિસ્ટ્રિક્ટ જેલમાં રાખ્યો હતો અને ત્યાર બાદ બાકીના કેસોમાં અલે હસનના એડવોકેટને સમન્સ પાઠવી વોરંટની અરજી કરવામાં આવી હતી. માટે સબમિટ.

## રાજીવ ગાંધીને સોનિયા-રાહુલ-પ્રિયંકાની શ્રદ્ધાંજલિ : રાહુલ ગાંધી તામિલનાડુના શ્રીપેરંબદુરની મુલાકાત લેશે

શ્રીપેરુમ્બુદુર,

ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૩૨મી પુણ્યતિથિ પર, સોનિયા, રાહુલ, પ્રિયંકા અને મલ્લિકાર્જુન ખડગેએ વીર ભૂમિ જઈને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.રાજીવ ગાંધીએ ૩૨ વર્ષ પહેલા ૨૧ મે, ૧૯૯૧ના રોજ તમિલનાડુના શ્રીપેરંબદુરમાં આત્મઘાતી હુમલામાં જીવ ગુમાવ્યો હતો. રાહુલ ગાંધી આજે તેમના પિતાને શ્રદ્ધાંજલિ આપવા માટે શ્રીપેરંબદુર જશે.



શ્રીપેરંબદુરમાં તેમની યાદમાં એક સ્મારક બનાવવામાં આવ્યું છે. ગયા વર્ષે ભારત જોડો યાત્રા શરૂ કરતા પહેલા પણ રાહુલે પિતાના સ્મારકની મુલાકાત લીધી હતી. કોંગ્રેસ દર વર્ષે ૨૧ મેને રાજીવ ગાંધીના શહીદ દિવસ તરીકે ઉજવે છે. સમગ્ર દેશમાં રક્તદાન શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

તમિલનાડુ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ એમકે વિષ્ણુ પ્રસાદે કહ્યું કે અમારી પાર્ટી માટે ૨૧ મે ખૂબ જ ભાવનાત્મક દિવસ છે. આ દિવસે રાહુલ ગાંધીના તમિલનાડુ આવવાથી પાર્ટી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધશે. તેમણે કહ્યું કે રાહુલની ભારત જોડો યાત્રાની રાજ્યના લોકો પર સારી અસર પડી છે.

રાજીવ ગાંધી ચૂંટણી પ્રચાર માટે શ્રીપેરંબદુર ગયા હતા. આ દરમિયાન એલટીટીઈની એક મહિલા આતંકવાદી એક કાર્યક્રમમાં ધનુ માલા પહેરવાના બહાને તેની પાસે પહોંચી હતી. તેણે રાજીવના પગને સ્પર્શ કર્યો અને તેની કમરે બાંધેલા વિસ્ફોટકોને વિસ્ફોટ કર્યો. વિસ્ફોટમાં રાજીવ અને હુમલાખોર ધનુ સહિત ૧૬ લોકો માર્યા ગયા હતા. ખરેખરમાં, ૧૯૮૭માં રાજીવ ગાંધીએ એલટીટીઈ લડવૈયાઓ સામે લડવા માટે પીસ કીપિંગ ફોર્સ શ્રીલંકામાં મોકલી હતી. આ ફોર્સ માર્ચ ૧૯૯૦ સુધી શ્રીલંકામાં રહી હતી. એટીટીઆઈએ તેનો બદલો લેવા રાજીવ પર આત્મઘાતી હુમલો કરાવ્યો હતો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
આવકાર સખી મંડળ
તરફથી અભીનંદન....
મુ. મલેકપુર-ડામોર ફળીયું,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
મોહનલાલ
નાથાલાલ બ્રાહ્મણ
તરફથી અભીનંદન....
મુ. બાંડીબાર-આમલી ફળીયું,
તા. લીમખેડા,
જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદના અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડીયાએ મહીસાગર જીલ્લામાં કાર્યકર્તાઓની મુલાકાત લઈ સભા યોજી : ગામે ગામ હનુમાન ચાલીસ કેન્દ્રો શરૂ કરવા આહવાન કર્યું



મલેકપુર,

આંતરરાષ્ટ્રીય હિન્દી પરિસદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણ તોગડીયાએ મહીસાગર જીલ્લાની મુલાકાત લીધી હતી અને કાર્યકર્તાઓ સાથે સંમેલન ચોજ્યું હતું મધ્ય પ્રદેશ થી પરત અમદાવાદ જતા રસ્તામાં તેઓ મહીસાગર જીલ્લામાં રોકાયા હતા ગત રાત્રીએ તેઓએ ખાનપુર તાલુકાના બડેસરા ખાતે સંમેલન ચોજી રાત્રી રોકાણ કર્યું હતું જ્યાં કાર્યકર્તાઓ દ્વારા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારે બાદ આજે તેઓએ જીલ્લામાં અલગ અલગ જગ્યાઓ પર સંમેલન ચોજ્યું હતું જેમાં સંતરામપુર તાલુકાના ચુથાના મુવાડા, આજણવા ત્યાર બાદ વીરપુર તાલુકાના ડેભારી વીરપુર નાળ ખાતે પણ સંમેલન ચોજ્યું હતું અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી હતી અને હિન્દૂ ધર્મને વિસ્તારમાં તેમજ ગામે ગામ હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા માટે આહવાન કર્યું હતું જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિસદ અને રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકર્તાઓ અને અને વિવિધ હિન્દૂ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રવીણ તોગડીયાએ જણાવ્યું હતું કે, મધ્ય પ્રદેશથી ઈન્દોર, ઉજ્જૈન અને જાંબુઆની સભા કરીને કર્ણાવતી જતા રસ્તામાં મહીસાગરના લોકોને કાર્યકર્તાને મળતા મળતા આજે મહીસાગરના બધાજ આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિસદ,રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકર્તાનું એક સંમેલન થયું અને આ સંમેલન ગામડે ગામડે અને શહેરોમાં કોલોનીઓમાં દર અઠવાડિયે હનુમાન ચાલીસ કેન્દ્ર શરૂ કરવા અને આ કેન્દ્રના માધ્યમથી દેશમાં એક લાખ હનુમાન ચાલીસ કેન્દ્ર અને બે કરોડ લોકોને જોડી અને આ બધા લોકોની સુરક્ષા, સમૃદ્ધિ, સમ્માન, સ્વાસ્થ્ય બાળકોની ટેલેન્ટ વધે મહિલા સુરક્ષા એવી બોઉજ મોટા પાચા પર ટ્રેનિંગની ચોજના શરૂ કરી છે અહીંયા બોઉજ મોટા પ્રમાણમાં ટેકો છે અને ગામને ગામડે હનુમાન ચાલીસા શરૂ થવાની ચોજના આજે બની છે હિન્દૂ હી આગે, સમૃદ્ધ હિન્દૂ, સુરક્ષિત હિન્દૂ, સમ્માન યુક્ત હિન્દૂ એ આપડો લક્ષ અને આપડી ચોજના છે.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ, દિલ્હી દ્વારા લુણાવાડા ખાતે મહીસાગર જીલ્લાના હોદ્દેદારો ની નિમણુંક કરવામાં આવી



લુણાવાડા

અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ, દિલ્હી માં લુણાવાડા ખાતે મહીસાગર જીલ્લાના નવા સભ્યો ની ટીમ ની નિમણુંક કરવા માટે ના કાર્યક્રમ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત દેશ ના ૨૨ રાજયોમાં પોતાનું અસ્તિત્વ ધરાવનાર અને પત્રકારો ના હિત માટે સતત પ્રયત્નશીલ અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ, દિલ્હી ના રાષ્ટ્રીય અદયક્ષ જીગ્નેશભાઈ કાલાવાડીયા અને ગુજરાત પ્રદેશ પ્રભારી બાબુલાલ ચૌધરીની સૂચના તથા ગુજરાત પ્રદેશ સંયોજક મિન્હાઝ મલીક અને ગુજરાત રાજ્યના પ્રદેશ હોદ્દેદાર સહ સંયોજક ભાવેશ મુલાણી તથા ગુજરાત પ્રદેશ મહામંત્રી જેણુભા વાઘેલા .અરવલ્લી અને મહીસાગર જીલ્લાના પ્રભારી હેતન જોશીના અથાગ પ્રયાસો થકી લુણાવાડા સર્કિટ હાઉસ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમ ની શરૂઆતમાં પ્રદેશ પ્રભારી એવા બાબુલાલ ચૌધરી એ સંગઠન વિશે ની માહિતી આપી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સંગઠન દ્વારા કરાયેલ કામો થી માહિતગાર કરવામાં આવ્યા હતા. સહ સંયોજક ભાવેશ મુલાણી દ્વારા અન્ય સંસ્થા ઓ સાથે કરાયેલ લઙ્ગી વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા તથા સંગઠનમાં કેમ જોડાવું તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમ દરમ્યાન મહીસાગર જીલ્લાના હોદ્દેદારોની નિમણુંક કરાઈ હતી જેમાં જીલ્લા ના પ્રમુખ તરીકે ગુજરાત પ્રદેશ ન્યુઝ ચેનલના તંત્રી મહેશ ઠાકોર, ઉપ પ્રમુખ તરીકે દિવ્યાંગ પટેલ, છત્રસિંહ ચૌહાણ, રતનસિંહ માછી, મહામંત્રી તરીકે ભીખાભાઈ માછી, મંત્રી તરીકે વિજય જોશી, વિજય ડામોર, રાજેન્દ્ર પટેલ તેમજ વીરપુર તાલુકા પ્રમુખ તરીકે વિપુલ જોશી, લુણાવાડા તાલુકા પ્રમુખ તરીકે જયંતીભાઈ પટેલીયા, આઈટી સેલમાં દિલીપભાઈ બારીયાની નિમણુંક કરવામાં આવી હતી.

આ પ્રસંગે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ, દિલ્હી ના ગુજરાતના ગુજરત પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય કાર્યકારીની ના સભ્ય બાબુલાલ ચૌધરી, ગુજરાત પ્રદેશ સંયોજક મિન્હાઝ મલેક, પ્રદેશ સહ સંયોજક ભાવેશ મુલાણી, ગુજરાત પ્રદેશ મહામંત્રી જેણુભા વાઘેલા તથા ગુજરાત પ્રદેશ મંત્રી શૈલેષકુમાર પરમાર અને અરવલ્લી અને મહીસાગર જીલ્લાના પ્રભારી હેતનભાઈ જોશી હાજર રહ્યા હતા.

# મહીસાગર જીલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક અધિક નિવાસી કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઇ



મહિસાગર,

મહિસાગર જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક અધિક નિસાવી કલેક્ટર સી વી લટાના અધ્યક્ષસ્થાને જીલ્લા સેવા સદન કલેક્ટરની કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

આ બેઠકમાં કહ્યું હતું કે, જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. આમ જનહિતને લગતા પ્રશ્નો ને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને અધિક નિસાસી કલેકટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

જીલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિહ ચૌહાણ અને બાલાશિનોર ધારાસભ્ય માનસિહ ચૌહાણ તરફથી રજૂ થયેલાં પ્રશ્નોની સમીક્ષા કરતાં અધિક નિવાસી કલેક્ટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી. આ બેઠકમાં ડીઆરડીએ ડાયરેકટર, પ્રાયોજના વહીવટદાર, આરોગ્ય અધિકારી,પ્રાંત અધિકારીઓ, તથા જીલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ રાબડાળ ગામે હાઈવે ઉપર ફોર વ્હીલ માંથી ૪૪ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાળ ગામે હાઈવે રોડ પરથી પોલીસે એક ઈકો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૪૪,૪૪૮ના પ્રોહી જથ્થા ગાડીની કિંમત મળી કુલ રૂા.૨,૪૪,૪૪૮નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે પોલીસને ચકમો આપી ગાડીનો ચાલક ફરાર થઈ ગયાનું જાણવા મળે છે.

ગત તા. ૨૦મી મેના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે રાબડાળ ગામે દાહોદ અમદાવાદ ઈન્દૌર રોડ પર નાકાબંધી કરી આવતાં જતા તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ઈકો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી જ્યારે પોલીસને દુરથી જોઈ ગાડીનો ચાલક પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી મુકી નાસી જતાં પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૪૪,૪૪૮ ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૨,૪૪,૪૪૮નો મુદ્દામાલ કબજે કરી દાહોદ તાલુકા પોલીસે ફરાર ગાડીના ચાલક વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના ભીચોર ગામે કુવામાં મશીન મુકવા બાબતે મહિલાની છેડતી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ભીચોર ગામે કુવામાં મશીન મુકવા બાબતે એક ઈસમે એક મહિલા સાથે ઝઘડો તકરાર કરી મહિલાનો હાથ પકડવાનો પ્રયાસ કરી છેડતી કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંયાનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી મેના રોજ ભીચોર ગામે રહેતો અરવિંદભાઈ શંકરભાઈ ગરાસીયાએ ફતેપુરા તાલુકામાં રહેતી એક મહિલા સાથે ઝઘડો તકરાર કરી, કહેવા લાગેલ કે, કેમ મશીન ચાલુ કરેલ છે, કુવો મે ખોદેલ છે અને મશીન કુવામાં મુકવાનું નથી, તને આજે મારી નાંખવાની છે, તું અહીંથી જતી રહે, તેમ કહી બેફામ ગાળો બોલતા , મહિલાએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી અરવિંદભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલાને પકડી નીચે પાડી દઈ, મહિલાની છેડતી કરવાને ઈરાદે હાથ પકડવાની કોશિષ કરી, મહિલાની ખેંચતાણ કરી, મહિલાનો બ્લાઉઝ ફાડી નાંખી મહિલાને જમીન પર પાડી જેતાં મહિલાને હાથના ભાગે ઈજાઓ પહોંચાડી હતી.

આ સંબંધે છેડતીનો ભોગ બનેલ મહિલાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરવા(હ)ના સંતરોડ ગામ નવી હોટલમાં પથ્થર ઘસવાની કામગીરી કરતાં ૩૫ વર્ષીય યુવાનનું મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સાલીયા (સંતરોડ) ગામ નવી બનતી હોટલમાં ઘસવાર ઈલેક્ટ્રીક મશીનથી પથ્થર ઘસવાનું કામ કરતાં હોય દરમિયાન શ્રમજીવીને કરંટ લાગતા મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના સાલીયા (સંતરોડ) ગામ નવીન બનતી હોટલમાં પથ્થર ઘસવાની કામગીરી ચાલતી હોય દિલીપભાઈ પારસીંગભાઈ પસાયા ઉ.વ.૩૫ (રહે. આંગળીયા, તા.ગોધરા) પથ્થર ઘસવારના ઈલેક્ટ્રીક મશીનથી પથ્થબર ઘસવાનું કામ કરતાં હતા. દરમિયાન જમણા પગે વીજળીનો કરંટ લાગતા આકસ્મીક રીતે પડી જતાં નાકના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે અ.મોતનો ગુન્હો નોધાવા પામ્યો.

# ઝાલોદ ST ડેપોના સ્ટાફ દ્વારા મુસાફરના ખોવાયેલ સામાન પરત કરવામાં આવ્યો



દાહોદ,

તારિખ ૨૦/૦૫/૨૦૨૩ ના રોજ લાલપુર થી પિટોલ આવતી બસમાં એક મુસાફર ધ્રોલ થી સંતરામપુરનું રિઝર્વેશન કરાવેલ. તારિખ ૨૧/૦૫/૨૦૨૩ના રોજ સંતરામપુર આવતા મુસાફર પોતાનો કિંમતી સામાન તેમજ રોકડ ૭૫૦૦૦ પંચોતેર હજાર પૂરા ભૂલી ઉતરી ગયેલ. અડધા કલાક પછી અચાનક યાદ આવતા ઝાલોદ ડેપો ના કન્ટ્રોલર વી એસ સૈયદ ને સંપર્ક કરતા પીટોલ લાલપુર બસ ઝાલોદ ડેપો ખાતે આવતા ટીસી વી એસ સૈયદ તેમજ એ ટી આઇ મુકેશ ભાઈ પટેલ દ્વારા શોધખોળ કરતા બસ માંથી થેલો મળી આવેલ. થેલા માં ચેક કરતા ૭૫૦૦૦, રૂપિયા તેમજ કિંમતી સામાન બસ માં થી મળી આવેલ. જે મૂળ માલિક ના પુરાવા ની ખરાઈ કરી તેમજ ટિકિટ મેળવી સહી સલામત યુનિયન ના આગેવાન રાકેશ ભાઈ કમોળ ની હાજરી માં સુપરત કરેલ. મુસાફર દ્વારા ઝાલોદ ડેપો ના ડેપો મેનેજર તેમજ ટી સી અને એ ટી આઈ તેમજ ફરજ પરના ડ્રાઈવર પી ડી પગી બેઝ નંબર ૭૦૫ સંતરામપુર ડેપો તેમજ કન્ડક્ટર કે.ડી. પટેલ બેઝ નંબર ૧૩૦૫ તેમજ એસટી નિગમ નો ખૂબ ખૂબ આભાર માનેલ.

# સંજેલી તાલુકામાં જુસ્સા ગ્રામ પંચાયત નવીન પંચાયત ઘરનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું



દાહોદ,

સંજેલી તાલુકામાં આવેલ જુસ્સા ગ્રામ પંચાયતનું નવીન પંચાયતના ઘરનું ખાતમુર્હુત તારીખ -૨૧/૦૫/૨૦૨૩ ના રોજ ૧૨૯ ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારા હસ્તે ખાતમુહર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ ભૂપેન્દ્રભાઈ કે.સંગાડા તેમજ ભાભોર માનસિંહ, રાવત માનસિંગભાઈ વિશેષ અતિથી ઉપસ્થિત રહ્યા હતા. આ નવીન ગ્રામ પંચાયત ઘરના ખાત મુહુર્ત માં ગામના સરપંચ રાવત માનસિંહભાઈ રાવત, ડે. સરપંચ ગુલાબભાઈ નિસરતા, માવજીભાઈ રાવત, પ્રભાતભાઈ રાવત તેમજ ગામના વડીલો હાજર રહ્યા હતા. ગ્રામ પંચાયત એ ગામના વિકાસ માટે પાયાની સંસ્થા હોવાથી ગામની અંદર નવીન ગ્રામ પંચાયત નું ખાત મુહુર્ત કરતા જુસ્સા ગામના લોકોમાં એક અનેરો આનંદ જોવા મળતો હતો અને પાયાની જરૂરિયાત અને તમામ સુવિધાઓ ઘર આંગણે મળી રહે એ આશયથી લોકોમાં એક ખુશીનું વાતાવરણ જોવા મળતું હતું. આમ આજરોજ ગ્રામ પંચાયત જુસ્સા ના નવીન પંચાયત ઘરનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

# ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે ગુહ્યા મહોલ્લા વિસ્તારમાં રહેણાંક મકાનમાંથી શંકાસ્પદ માંસનો જથ્થો ઝડપી પાડ્યો હતો

ગોધરા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો, ત્યારે બાતમી મળી હતી કે ગોધરા શહેરના ગુહ્યા મહોલ્લા વિસ્તારમાં ખાલિદા ઈકબાલ અલ્લી નામની મહિલા પોતાના રહેણાંક મકાનમાં શંકાસ્પદ માંસનો જથ્થો રાખીને તેનું વેચાણ કરી રહી છે, જે ચોક્કસ બાતમીના આધારે પોલીસ સ્ટાફ દ્વારા ગત ૨૦ તારીખે સવારના સમયે બાતમી મુજબના રહેણાંક મકાનમાં છાપો મારવામાં આવ્યો હતો, પોલીસને રહેણાંક મકાનમાંથી ૩૫ કિલોગ્રામ શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો હતો, પોલીસે માંસનો જથ્થો તેમજ ત્રણ મોબાઈલ ફોન, ફ્રીઝ અને અન્ય સાધનો મળીને કુલ રૂા.૪૦,૭૩૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો, તેમજ રહેણાંક મકાનમાંથી મળી આવેલો શંકાસ્પદ માંસનો જથ્થો ગૌમાંસ હોવાની આશંકાએ માંસના નમુના તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા.

# ઝાલોદની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા કેળવણી મંડળની ચૂંટણી યોજાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં આજરોજ તારીખ ૨૧-૦૫-૨૦૨૩ રવિવારના રોજ નગરની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા કેળવણી મંડળની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં કુલ ૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ચૂંટણીમાં મતદાનનો ટાઈમ સવારે ૮ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીનો હતો. આ ચૂંટણીમાં ટોટલ ૭૫૭ મતદારો હતા તે પૈકી બે બુથમાં થઈ ૫૧૫ મતદારો એ મતદાન કર્યું હતું .બપોરના ૧ વાગે ચૂંટણીના પરિણામ માટે ગણતરી કરવામાં આવી હતી. આ ચૂંટણીના મતદાનની ગણતરી કરતા પહેલા બે મત રદ બાતલ ગણવામાં આવ્યા હતા. ત્યાર બાદ ટોટલ ૫૧૩ મતદારો માંથી ગણતરી ચાલુ કરવામાં આવી હતી. કુલ ૬ ઉમેદવારોમાં પહેલાં નંબર પર રીકેશ પટેલ ૩૭૫ વોટ ,બીજા નંબર પર મનોજ પટેલ ૨૭૮ વોટ અને ત્રીજા નંબર પર મૂકેશ અગ્રવાલ ૨૭૩ વોટ સાથે વિજેતા બનેલ હતા. બાકીના ઉમેદવારોમાં નરેન્દ્ર જૈનને ૧૪૫ , રોહિત પટેલ ૨૫૦ અને શૈલેન્દ્ર સિસોદિયાને ૨૧૮ વોટ મળેલ હતા. જીતેલ ત્રણે ઉમેદવારો સહુ મતદારોનો આભાર માની ફટાકડા ફોડી મીઠાઈ ખવડાવી ખુશી મનાવતા જોવા મળતા હતા.

## આપની આજ.......

મેષ : વર્તમાન સમય સફળતાભર્યો રહી શકે છે. બદલાતા વાતાવરણથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. ઘરમાં નજીકના વ્યક્તિઓ આવવાથી ઉત્સાહભર્યું વાતાવરણ રહી શકે છે. તમારી સમસ્યાઓનો ઉકેલ મેળવવામાં પરિવારનો પૂરો સહયોગ રહેશે.

વૃષભ : તમારા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઈ શકે છે. વ્યવસાય તથા નોકરીમાં કોઇ પ્રકારની રાજનીતિનો સામનો કરવો પડી શકે છે.

મિથુન : પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં પારદર્શિતા જાળવી રાખો. લક્ષ્ય પ્રાપ્તિમા કોઈ નજીકના સંબંધીનો પણ સહયોગ પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિમાં પણ થોડી ભાગદોડ શક્ય છે. પારિવારિક જીવનમાં કોઈ વિવાદ થઈ શકે છે.

કર્ક : તમારા વ્યક્તિગત કાર્યોમાં કોઈ બહારના વ્યક્તિને સામેલ ન કરો. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી હાજરી તથા એકાગ્રતા ખૂબ જ જરૂરી રહેશે. તમારી સામાજિક સીમા પણ વધી શકે છે.

સિંહ : આજે મોટાભાગનો સમય માર્કેટિંગ તથા બહારની ગતિવિધિઓને પૂર્ણ કરવામાં જ પસાર થશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યામાંથી રાહત મળી શકે છે. આર્થિક સ્થિતિને મજબૂત કરવાની તમારી કોશિશ સફળ રહેશે.

કન્યા : પતિ-પત્ની વચ્ચે રોમેન્ટિક સંબંધ રહી શકે છે. ઘરમાં કોઈ વાતને લઈને વાતાવરણ ખરાબ થઈ શકે છે. તમારા આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થઈ શકે છે. જરૂરી કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

તુલા : પતિ-પત્ની વચ્ચે સંબંધ ગાઢ બનશે. ધૈર્યપૂર્વક પરિસ્થિતિઓને પોઝિટિવ બનાવો. સંબંધને મજબૂત જાળવી રાખવામાં તમારી કોશિશ મહત્ત્વની રહેશે.

વૃશ્ચિક : વ્યવસાયિક ગતિવિધિઓ આજે મંદ જ રહેશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઈ શકે છે. પારિવારિક સભ્યો સાથે સમય પસાર કરશો. વિદ્યાર્થીઓને આશા પ્રમાણે પરિણામ મળવાથી તેમનું આત્મબળ વધશે.

ધન : વ્યવસાયિક વ્યવસ્થામાં સુધાર આવશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી તમારી કોશિશમાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે. ઘરનું વાતાવરણ પોઝિટિવ રહી શકે છે. આર્થિક સ્થિતિમાં કોઈ પ્રકારની દોડભાગ થઈ શકે છે.

મકર : આ સમયે ગ્રહ ગોચર તથા ભાગ્ય વ્યવસાયિક દૃષ્ટિએ તમારા પક્ષમાં છે. આજે કોઈપણ પ્રકારની યાત્રા ન કરો. પારિવારિક સભ્યોની વચ્ચે યોગ્ય તાલમેલથી ઘરની ઊર્જા પોઝિટિવ રહેશે. આજે કોઈપણ નિર્ણય લેવામાં તમારી અંતરાત્માનો અવાજ જરૂર સાંભળો.

કુંભ : અન્યના માલમે કોઈપણ પ્રકારની દખલ ન કરો. દિવસની શરૂઆતમાં થોડી કારોબારી સમસ્યા તથા પરેશાનીઓ આવશે. જીવનસાથી પાસેથી વધારે આશા રાખવી એકબીજા સાથેના સંબંધોમાં અંતર વધારી શકે છે. નજીકના સંબંધીઓ સાથે થોડો સમય પસાર કરવો.

મીન : વ્યવસાયિક દૃષ્ટિએ સમય લાભદાયક રહી શકે છે. સંયુક્ત પરિવારમાં થોડા વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે. કોઈ મહત્ત્વપૂર્ણ કામ બનવાથી મનમાં પ્રસન્નતા રહેશે. પારિવારિક જીવન સુખદ રહી શકે છે.

## ઝાલોદ શહેરમાં ચોરીનો બનાવ

# ચોરે ચોરી કર્યા બાદ એક ચીઠ્ઠીમાં નામ અને મોબાઈલ નંબર લખીને મુક્યો... રાજ મોટર્સના શો રૂમમાં ચોરી કરી પોલીસને ખુલ્લો પડકાર આપ્યો.... રોકડ રૂપિયા, ટેબલેટ સહિતની ચીજવસ્તુઓની ચોરી

ઝાલોદ,

ઝાલોદ શહેરમાં ચોરીનો ગજબનો બનાવ બન્યો છે. એક ચોરે પોલીસને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે. ચોરે ચોરી કર્યા બાદ પોલીસ માટે ચીઠ્ઠી મૂકી હતી. ચોરે ચીટ્ઠી મૂકીને પોલીસને ખુલ્લો પડકાર આપ્યો છે. ચોરે નામ અને નંબર સાથેની ચીઠ્ઠી લખીને છોડી હતી જે જોઈને પોલીસ પણ હચમચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઝાલોદમાં એક ચોરીનો બનાવ બન્યો હતો. ઝાલોદાન રાજ મોટર્સ નામના શો રૂમમાં કેટલાક તસ્કરો ત્રાટક્યા હતા. શો રૂમમાંથી રોકડ રૂપિયા, ટેબલેટ સહીત કેટલાક સામાન ચોરી કરીને તેઓ ભાગ્યા હતા તેમજ શો રૂમમાં લગાવેલા સીસીટીવીના ડીવીઆર પણ લઈને લૂંટારૂઓ ભાગી ગયા હતા. જેથી પોલીસને કોઈ પુરાવા ન મળે પરંતુ તસ્કરોએ ચોરી કરી ફરાર થતાં પહેલા શોરૂમના દરવાજે પોલીસને પડકાર ફેંકતી એક ચિઠ્ઠી ચોંટાડી હતી. આ ચીઠ્ઠી હાલ આખા ઝાલોદમાં ચર્ચાનો વિષય બન્યો છે. કારણ કે, તસ્કરોએ દરવાજે જે નોટ ચોંટાડી છે તેમાં પોલીસને પડકાર ફેંક્ય છે. ચીઠ્ઠીમાં લખ્યુ છે કે, મેં હું ચોર, નાથુભાઈ નિનામા. આ ઉપરાંત ચીઠ્ઠીની ઉપર મોબાઈલ નંબર પણ લખેલો છે.

આમ, પોલીસને પડકાર ફેંકતી ચોર ટોળકીની હાલ ચારેતરફ ચર્ચા થઈ રહી છે કારણ કે, જે શો રૂમમાં ચોરી થઈ તે ઝાલોદ પોલીસ સ્ટેશનની સામે આવેલો છે ત્યારે જો પોલીસની સામે આવેલો શો રૂમ જ સલામત નથી તો બીજું શું કહેવાય. આ ઉપરાંત તસ્કરે ચિઠ્ઠીમાં લખેલો મોબાઈલ નંબર ખોટો હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# પરોઢિયે ૪-૧૫ વાગે પોલીસ કાફલો અને વહીવટી તંત્રની હાજરીમાં મિનિટોમાં કામગીરી પૂર્ણ કરાઇ, આખરે શું હતો વિવાદ ?

દાહોદ,

દાહોદ શહેરની મધ્યમાં આવેલી નગીના મસ્જીદનો વિવાદ છેલ્લા કેટલાય દિવસોથી ચાલતો હતો. ત્યારે તંત્ર દ્વારા આ મસ્જીદને પરોઢિયે ૪-૧૫ કલાકે તોડી પાડવામાં આવી હતી. પશુ-પક્ષી પણ ફરખતા ન હતા તેવા સમયે પણ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મસ્જીદનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

દાહોદના ભગિની સમાજની સામે વળાંકમાં જ નગીના મસ્જીદ આવેલી હતી. આ મસ્જીદની લાઈનમાં તેમજ આસપાસના તમામ દબાણો આ પહેલાં જ તોડી પાડવામાં આવ્યાં હતા. બીજી તરફ આ મસ્જીદ મામલે મસ્જીદના ટ્રસ્ટીઓ અને તંત્ર વચ્ચે દાવા પ્રતિદાવા ઠોકવામાં આવતા હતા. તંત્રનું કહેવું હતું કે, આખી મસ્જીદ દબાણમાં છે જ્યારે ટ્રસ્ટીઓનુ કહેવું હતું કે, મસ્જીદમાં માત્ર ૬ ફુટ જેટલું જ દબાણ છે ત્યારે તંત્ર દ્વારા ટ્રસ્ટીઓને જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરવા કહેવામાં આવ્યું હતું અને એક જાણકારી મુજબ શુક્રવાર સાંજ સુધીનો સમય આપવામાં આવ્યો હતો બીજી તરફ મસ્જીદના ટ્રસ્ટીઓ અને સમાજના યુવાનોએ જાતે જ મસ્જીદનો તે ૬ ફુટનો ભાગ આ પહેલાં જ તોડી પાડ્યો હતો તે દિવસે પણ ઉત્તેજના વ્યાપી ગઈ હતી, કારણ કે સમાજના લોકોએ સરકારી મશીનરીનો ઉપયોગ કરવાની ના પાડી દીધી હતી બીજી તરફ સમાજના યુવાનોએ જાતે જ મસ્જીદનો ભાગ તોડવાનું શરૂ કર્યુ હતું તેનાથી પણ પરિણામ ન મળતા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

છેવટે સ્વખર્ચે જેસીબી મંગાવ્યાં હતા અને તે બે જેસીબી વડે જ ૬ ફુટ જેટલો હિસ્સો તોડી પાડવામાં આવ્યો હતો. શુક્રવારે આખો દિવસ તંત્ર દ્વારા કોઈ ચહલ પહલ દેખાઈ ન હતી. શુક્રવાર હોવાથી માત્ર સામાન્ય પોલીસ બંદોબસ્ત જ ગોઠવવામાં આવ્યો હતો. જો કે, રાત બાદ સૌથી પહેલા પોલીસ વિભાગમાં સળવળાટ જોવા મળતાં કઈંક બનવાનું છે તેવી સભાવનાઓ દેખાવા લાગી હતી પરંતુ પોલીસ વિભાગે ખુબ જ ચોકસાઇ પૂર્વક કામગીરી શરૂ કરી હતી. સમગ્ર દબાણ હટાવ કામગીરીમાં અગ્રેસર રહેનારા એએસપી જગદીશ બાંગરવાના નેતૃત્વમાં જ સમગ્ર માસ્ટર પ્લાન ઘડાયો હતો. સૌ પ્રથમ તો મસ્જીદ તરફ આવતા તમામ રસ્તાઓ પર બેરીકેટ લગાવી બંધ કરી દેવાયા હતા અને રાત્રે ૨-૩૦ વાગ્યાથી જ પોલીસની ફોજ એકત્ર થઈ ગઈ હતી. તબક્કાવાર પોલીસના તમામ સરકારી વાહનોની કતાર ખડકી દેવામાં આવી હતી અને ખૂણે ખૂણે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. વાહન તેમજ પાણીનો મારો કરવાની પણ જરૂરી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવ્યો હતો. સમગ્ર તૈયારી થયા પછી પોલીસ મસ્જીદ આગળ પહોંચી હતી. ઉપરાંત મામલતદાર, પાલિકા તેમજ સીટીસર્વેનો સ્ટાફ પણ આવી પહોંચ્યો હતો. એકાએક જ એએસપીએ સુચના આપી કે, મહિલા પોલીસ પણ તૈનાત કરો ત્યારે ઘણાંને આશ્ચર્ય થયુ હશે કે આટલી રાત્રે કોણ મહિલાઓ આવી શકે છે ત્યારે થોડી વારમાં જ મહિલા ફોર્સ પણ આવી પહોંચી હતી અને તેની સાથે જ એક બસની વ્યવસ્થા પણ કરી દેવાઈ હતી. મહિલા પોલીસ ફોર્સ મસ્જીદ પર પહોંચી હતી અને ત્યાં જોવા મળ્યુ કે, ૩૦ થી વધુ મહિલાઓ મસ્જીદમાં જ બેઠી હતી. આ મહિલાઓએ મસ્જીદને બચાવવા માટે આખી રાત મસ્જીદમાં જ વીતાવી હતી. આ તમામ મહિલાઓને બહાર કાઢવામાં આવી હતી અને કોઈ પણ પ્રકારના ઘર્ષણ વિના તેમને કાયદાકીય સમજ આપવામાં આવી હતી. છેવટે મહિલાઓને ગળે વાત ઉતરતાં તેઓ પોલીસ વાહનમાં બેસીને રવાના થઈ ગયા હતા. આ વખતે સુરક્ષાના કારણોસર કોઈ અત્યંત ગોપનીયતા રાખવામાં આવી હતી. સવારના ૩-૪૫ વાગ્યા અને દાહોદના મહિલા પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત કે જેઓ આજકાલ લેડી સિંઘમના નામથી દાહોદમાં પ્રખ્યાત થયા છે તેમની એન્ટ્રી પડી હતી. એએસપી પહેલેથી જ હાજર હતા ત્યારે પાલિકાના ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલા પણ આવી પહોંચ્યા હતા. આ ત્રિપુટી વચ્ચે સામાન્ય ગુફ્તેગુ થઈ હતી કારણ કે આખો પ્લાન પહેલે થી જ તૈયાર હતો. જેથી કરીને પોલીસ બંદોબસ્તનું ધ્યાન રાખવામાં આવ્યું હતું જો કે, સવારનો સમય હોવાથી અને રસ્તો બંધ હોવાથી સામાન્ય દિવસો માફક કોઈ ટોળા એકઠા થયા ન હતાં. બસ થોડી જ વારમાં બે હિટાચી મશીન આવી પહોંચ્યા હતા અને સૂચના મળતા જ મસ્જીદનું દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ધીમે ધીમે મસ્જીદનુ દબાણ ક્રમશઃ અને આયોજન બદ્ધરીતે દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આશરે ૪૫ થી ૫૦ મિનીટમાં દબાણ દૂર કરી નાખવામાં આવ્યું હતું. તેની સાથે કાટમાળ હટાવવાની કામગીરી પણ શરૂ કરી દેવાઈ હતી.

## ઝાલોદના કદવાળ ગામે પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના કદવાળ ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં પત્નિએ પોતાના પ્રેમી સાથે મળી પોતાના પતિનું કાસણ કાઢવા માટે પતિને બંન્ને પ્રેમી, પંખીડાએ લોખંડની પાઈપના ઘા માથાના ભાગે મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી પતિને મોતને ઘાટ ઉતારી દીધાં બાદ પતિના મૃતદેહને કદવાલ ગામે બંગલાવાળી નદીના કોતરના પટમાં નાંખી બંન્ને પ્રેમી, પંખીડા સહિત અન્ય એક સાગરીત મળી ત્રણેય જણા નાસી જતાં પંથકમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. સમગ્ર મામલે પોલીસે ત્રણેયની શોધખોળનો આરંભ હાથ ધર્યો છે.

ઝાલોદ તાલુકાના કદવાળ ગામે મોટા ફળિયામાં રહેતાં અને હાલ અમદાવાદ ખાતે રહેતાં અંકિત બાબુભાઈ સંગાડાના લગ્ન પોતાના ગામ એટલે કે, કદવાલ ગામે મોટા ફળિયામાં રહેતાં પુજાબેન સાથે થયાં હતાં. લગ્ન જીવન દરમ્યાન પુજાબેનને ગામમાં રહેતાં દેવરાજભાઈ ઉર્ફે જેલુ મહેશભાઈ સંગાડા સાથે આંખ મળી ગઈ હતી અને બંન્ને વચ્ચે પ્રેમ સંબંધ શરૂં થઈ ગયો હતો. બંન્નેના પ્રેમ સંબંધ વચ્ચે પુજાબેનના પતિ અંકિત આવતાં હોય દેવરાજભાઈ ઉર્ફે જેલુભાઈએ અને પુજાબેને તેમની વચ્ચેનો કાંટો કાઢી નાંખવા માટે અંકિતને મોતને ઘાટ ઉતારવાનો પ્લાન ઘડી નાંખ્યો હતો ત્યારે ગત તા.૧૮મી મેના રોજ રાત્રીના દશેક વાગ્યાના આસપાસ દેવરાજભાઈ ઉર્ફે જેલુભાઈ તથા તેની સાથે તેનાજ ગામમાં રહેતો ભુમિતભાઈ ભેદીએ અંકિતભાઈને ઘરેથી ટેલીફોન કરી કદવાળ ગામે બંગલાવાળી નદી કોતરના ભાગે બોલાવ્યાં હતાં. અંકિતભાઈ રાત્રીના સમયે સ્થળ પર ગયાં હતાં અને ત્યાં દેવરાજભાઈ ઉર્ફે જેલુભાઈ, ભુમિતભાઈ તથા અંકિતભાઈની પત્નિ પુજાબેનએ અંકિતભાઈના માથાના ભાગે લોખંડની પાઈપના ફટકા મારી, માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી અંકિતભાઈને મોતને ઘાટ ઉતારી દીધાં હતાં ત્યાર બાદ મૃતક અંકિતભાઈના મૃતદેહને નદીના પટ પર મુકી ઉપરોક્ત ત્રણેય ઈસમો ફરાર થઈ ગયાં હતાં. વહેલી સવારે ઘટનાની જાણ સ્થાનીક લોકોને થતાં ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાને પગલે મૃતક અંકિતભાઈના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટના સ્થળે દોડી ગયેલ પોલીસે મૃતક અંકિતભાઈના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. આ સંબંધે મૃતક અંકિતભાઈના પિતા બાબુભાઈ સળીયાભાઈ સંગાડાએ ઝાલોદ પોલીસ મથકે ઉપરોક્ત ત્રણે ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકાના ફૂલપુરા ગામના જંગલમાં મળેલી યુવતીના અપમૃત્યુ કેસ

દાહોદ,

ઝાલોદ તાલુકાના ફૂલપુરા ગામના જંગલમાં આશરે ૨૫ દિવસ અગાઉ એક સગીર વયની યુવતીની લાશ જંગલમાં ઝાડ આત્મહત્યા કરેલી હાલતમાં મળી આવતા મરણ જનાર યુવતીના માતા પિતાએ તેમના જ ગામના ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ પોતાની સગીર ભાઈ ની દીકરી સાથે રેપ વીથ મર્ડર ના આક્ષેપો સાથેની અરજી ચાકલિયા પોલીસ મથકમાં આપી હતી જે સંદર્ભે સ્થાનિક પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરી હોવાના આક્ષેપો સાથે મરણ જનાર યુવતીના માતા પિતાએ જીલ્લા પોલીસવાળા મુખ્યમંત્રી ગૃહ મંત્રી સહિત ઉચ્ચ



અધિકારીઓને, લેખિતમાં રજૂઆત કરી હતી ત્યારબાદ પોતાને ન્યાય ન મળતો હોવાની આક્ષેપો સાથે આજરોજ યુવતી ના પિતા તેમજ તેમના કુટુંબીઓ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા લોકોની સમસ્યાઓ તેમજ રજૂઆતો સાંભળવા માટે યોજેલા જનમંચ કાર્યક્રમમાં આવ્યા હતા અને ત્યાં ગુજરાત વિધાનસભાના કોંગ્રેસના નેતા અમિત ચાવડા સમક્ષ રજૂઆતો કરી હતી. અને પોલીસ આરોપીઓને આવડતી હોવાના આક્ષેપો મૂક્યા હતા. જે બાદ અમારા પ્રતિનિધિએ જીલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાનો ટેલીફોનિક સંપર્ક કરી સમગ્ર ઘટના અંગે પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે ઉપરોક્ત આક્ષેપો બિલકુલ પાયાવિહોણા છે. યુવતીના પરિવારજનો મંચ પર આયોજીત કાર્યક્રમમાં પોલીસ ઉપર આક્ષેપો લગાવી રહી છે. યુવતીના અપમૃત્યુ કેસમાં પોલીસ દ્વારા તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવી છે. જેમાં પીએમ રિપોર્ટ તેમજ પીએમ કરનાર તબીબોના જણાવ્યા અનુસાર મરણ જનાર યુવતી જોડે કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બન્યો નથી. ગળેફાંસો ખાધો હોય તે પીએમ રિપોર્ટમાં બહાર આવ્યું છે. અને દાહોદ પોલીસ ન્યાય અને ગંભીર અને સંવેદનશીલ છે. આવા રેપ અને મર્ડર જેવા કેસમાં પોલીસ આવી ગંભીર ચૂક કોઈપણ દિવસ નહીં કરે યુવતીના માતા પિતા દ્વારા લગાવેલા આરોપો બિલકુલ પાયા વિહોણા છે. યુવતીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે તેની જોડે બળાત્કાર કે અન્ય કોઈપણ પ્રકારની ઘટના બની નથી અથવા પીએમ રિપોર્ટમાં આવી નથી. તેમ જણાવ્યું હતું.

## ફતેપુરાના વલુન્ડા ગામે ફીનકેર સ્મોલ ફાઈનાન્સ કર્મચારીઓ મહિલા ગૃપ લોન ૪.૯૭ લાખ ચાંઉ કરી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના વલુન્ડા ગામે આવેલ ફીનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક લી. બ્રાંન્ચમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવતો એક કર્મચારી તથા તેની સાથે અન્ય એક સહ કર્મચારી મળી બે કર્મચારીઓએ ત્રીસ જેટલી મહિલાઓના ગ્રૃપ લોનના કુલ રૂા. ૪,૯૭,૫૧૧ની રકમ બારોબાર ચાઉં કરી લેતાં અને ફાઈનાન્સ કંપનીમાં આ રકમ જમા ન કરાવતાં આ મામલે મહિલાઓમાં હોબાળો મચતાં ઘટનાની જાણ ફાઈનાન્સ કંપની થતાં ફાઈનાન્સ કંપની દ્વારા ફાઈનાન્સ કંપનીના બંન્ને કર્મચારીઓ વિરૂધ્ધ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે ફરાર બંન્ને આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

ફતેપુરા તાલુકો કોઈને કોઈ પ્રકરણે હરહંમેશ ચર્ચામાં રહેતો આવે છે અને તેમાંય ખાસ કરીને ભ્રષ્ટાચાર, કૌંભાંડ, છેતરપીંડી વિગેરે મામલે ફતેપુરા એપી સેન્ટર બની રહેવા પામ્યું છે ત્યારે ફરીવાર ફતેપુરા તાલુકો ચર્ચાની એરણે ચઢેલ છે. ફતેપુરા તાલુકાના વલુન્ડા ગામે આવેલ ફીનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક લી. બ્રાન્ચમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવતો રણજીત વીરસિંહ ઠાકોર (રહે. સરાડીયા કાસમપુરા, તા. વીરપુર, જી.મહિસાગર) અને તેની તેની સાથેનો સહકર્મચારી હિમ્મતસીહ પ્રભુદાસ ઠાકોર આ બંન્ને ઈસમોએ એકબીજાના મેળાપીપણામાં તારીખ ૦૧.૦૩.૨૦૨૨ થી તારીખ ૩૧.૦૩.૨૦૨૩ના સમયગાળા દરમ્યાન ત્રીસ જેટલી મહિલાઓના ગ્રૃપ લોનના હપ્તાના રૂપીયા, ફાઈનાન્સ કંપનીની પેટી કેશમાંથી, ઈલેક્ટ્રોનીક રેકર્ડમાં સીસ્ટમમાં ખોટી નોંદ કરી, ખોટી સહીનો ઉપયોગ કરી, ૪૭ જેટલા ગ્રાહકોના અલગ અલગ મહીલા ગ્રૃપના લોનોના હપ્તાના રૂપીયા વિગેરે મળી કુલ રૂા. ૪,૯૭,૫૧૧ની રકમ ઉપાડી લઈ ગ્રાહકો તથા ફાઈનાન્સ કંપની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે ફાઈનાન્સ કંપનીમાં રીજનલ ઓપરેશન મેનેજર તરીકે ફતેપુરા-૨ બ્રાંન્ચ ઘુઘસ રોડ વલુડા-૨ ખાતે ફરજ બજાવતાં જીગરભાઈ કાતીલાલ પ્રજાપતિએ ફતેપુરા પોલીસ મથકે ઉપરોકત બંન્ને ઈસમો વિરૂદધ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમડી નગરના ઈતિહાસમાં પ્રથમવાર મોટા સંતો પધાર્યા



દાહોદ,

યુવા હૃદય સ્પર્શી પ્રવચનકાર પરમ પૂજ્ય ગણીવર્ય મુનિરાજ કલ્યાણ રત્ન વિજય જી મ સા આદી ઠાણા ૬૦ અને સાધ્વી જી ભગવંત આદી ઠાણા ૩૦ સાથે મુમુક્ષુ ભાઈ-બહેન ૨૦ ઉપસ્થિત રહ્યા હતા.

ઝાલોદ તાલુકામાં લીમડી નગરમાં જૈન સમુદાયની સંખ્યા ખૂબ મોટી છે. લીમડી નગરના જૈન સમાજના રહેવાશીયોની વિનંતીને માન્ય રાખી લીમડી નગરમાં ખુબ મોટા પ્રમાણમાં સંતો પધાર્યા હતા. મોટા મોટા સંતો આવવાના હોઈ લીમડી નગરના સહુ જૈન સમુદાય તેમજ અન્ય લોકો ખૂબ મોટા પ્રમાણમાં સંતોને આવકારવા માટે નગરની બહાર લેવા ગયેલ હતા. લીમડી નગરમાં પ્રવેશ કરતા જૈન સમુદાય દ્વારા સંતોનું નગર પરિભ્રમણ કરાવવામાં આવ્યું હતું. આટલા મોટા પ્રમાણમાં આવેલ સંતોનું સ્વાગત કરવા તેમજ આશીર્વાદ મેળવવા મોટા પ્રમાણમાં લીમડી નગરના રસ્તાઓ પર જન સમુદાય ઉમટી પડેલ હતું. લીમડી નગરના ઈતિહાસ માં પ્રથમ વાર યુવા હૃદય સ્પર્શી પ્રવચનકાર પરમ પૂજ્ય ગણીવર્ય મુનિરાજ કલ્યાણ રત્ન વિજય જી મ સા આદી ઠાણા ૬૦ અને સાધ્વી જી ભગવંત આદી ઠાણા ૩૦ સાથે મુમુક્ષુ ભાઈ-બહેન ૨૦ પધારેલ હતા. લીમડી નગરના જૈન સમાજ દ્વારા સંતોની સેવા અને વિસામાં ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ગરબાડા તાલુકાના ભે ગામે ઘાસની ગાંસડીઓ ભરેલો ટેમ્પો ભડભડ કરીને સળગી ઉઠ્યો

દાહોદ,

ગરબાડા તાલુકાના ભે ગામે ઘાસની ગાંસડીયો ભરેલા લોડીંગ વાહનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા આગે જોતજોતામાં વિકરાળ રૂપ ધારણ કરતા ઘાસની ગાસડીઓ સાથે સંપૂર્ણ લોડિંગ વાહન બળીને રાખ થઈ જતા વાહન માલિકને લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યું છે.ત્યારે આ બનાવમાં ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે આગ પર પાણીનો મારો ચલાવી આગ ઓલવી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના ભે ગામના સગા ફળિયામાં ઘાસની ગાસડીઓ ભરીને આવી રહેલા લોડીંગ વાહનમાં શોર્ટ સર્કિટના કારણે ઓચિંતી આગ ફાટી નીકળતા લોડીંગ વાહનના ચાલક સમય સૂચકતા વાપરી વાહનમાંથી નીચે ઉતરી ગયો હતો. અને કોઈ કંઈક સમજે તે પહેલા આગે જોત જોતામાં પ્રચંડ રૂપ ધારણ કરતા ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. અને આગ ઓલવવાના પ્રયાસો હાથ ભર્યા હતા પરંતુ આગની વિકરાળ અગન જવાળાઓના લીધે બધા પ્રયાસો નિરર્થક સાબિત થયા હતા.ત્યારબાદ આગના બનાવના પગલે ભે ગામના જોડતા રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. આ બનાવની જાણ સ્થાનિક પોલીસને થતા સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ફાયર બ્રિગેડને જાણ કરી લોકોના ટોળાને વેર વિખેર કરી માર્ગને બંધ કરી દીધો હતો.થોડીક વારમાં ફાયર બ્રિગેડની ટીમ ઘટના પહોંચી તે દરમિયાન ઘાસની ગાંસળીઓ ભરેલો સંપૂર્ણ લોડીંગ ટેમ્પો સંપૂર્ણ રીતે બળીને રાખ થઈ ગયો હતો. જોકે ફાયર ની ટીમ આગ ઉપર પાણીનો માળો ચલાવી આગ ઓલવી દીધી હતી. આ આગના બનાવમાં ચાલકનો બચાવ થયો હતો જ્યારે વાહન માલિકને લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યું છે.

## આહાર સંસ્થા દ્વારા વધુ એક પરિવારને નવા ઘરની ભેટ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારિયાના નાયકવાડા ની ઝૂપડપટ્ટી માં પોતાના સાત બાળકો સાથે રહેતા અને છૂટક મજૂરી કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરતા સુરેશભાઈ અને કૈલાશ બેનને આહાર સંસ્થા દ્વારા એક નાનું પાકુ મકાન, ‘‘પ્રેમાહાર’’ બનાવી જરૂરી ઘરવખરી ભરી આપી, તેઓના સગા તથા ઝૂપડપટ્ટીના ૩૦૦ જેટલા લોકોને દાળ,ભાત,શાક, લાપસીનું પાકુ ભોજન જમાડીને,બ્રાહ્મણ અંબાલાલ પંડ્યા (મહાદેવ) દ્વારા સત્ય નારાયણ ભગવાનની કથા કરાવી આજે તેઓનો તારીખ ૨૧-૫-૨૩ ના રોજ વિધિવત પૂજનવિધિ કરાવી ગૃહપ્રવેશ કરાવતા તેઓની ખુશી સમાતી નહતી અને તેઓની આંખમાં ખુશીઓના આંસુ સ્પષ્ટ દેખાઈ આવતા હતા. આહાર સંસ્થાએ આ પહેલાં નવ ગરીબ પરિવારોને એક રૂમ રસોડાના મકાન બનાવી આપેલ છે.

## ફતેપુરાના વરદાન હોસ્પિટલ હિતેશ પટેલ સામે લેન્ડ ગ્રેબીંગ ફરિયાદ

દાહોદ,

ફતેપુરા શહેરના વરદાન હોસ્પિટલના ડો.હિતેશ પટેલ સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ જીલ્લા કલેકટરને ફરિયાદ કરાતા ફતેપુરા તાલુકામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે રહેતા વિશાલ નહાર અને ઈલ્યાસ ભાભોર દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ હેઠળ ફરિયાદ કરતા જણાવવામાં આવ્યું છે કે ફતેપુરા ગ્રામ પંચાયતના જુના સર્વે નંબર ૧૨૪/૨ અને નવા સર્વે નંબર ૨૩૬ અને ખાતા નંબર ૩૬૯ વાળી ગામ તળની સરકારી જમીનમાં ફતેપુરા શહેરના વરદાન હોસ્પિટલના ડોક્ટર હિતેશ પટેલ દ્વારા બિનકાયદેસર રીતે પ્રવેશ કરી આ ગામતળ વાળી સરકારી જમીનમાં નવીન મકાનનું બાંધકામ કરી બહુમાળી હોસ્પિટલનું મકાન બનાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે તો આ ગામતળની સરકારી જમીન જે ફતેપુરા ગ્રામ પંચાયતનો જુના સર્વે નંબર ૧૨૪/૨ નવો સર્વે નંબર ૨૩૬ અને ખાતા નંબર ૩૬૯ વાળી મિલકત ફતેપુરા ગ્રામ પંચાયતની સરકારી ગામતળ વાળી મિલકત હોવાથી આ મિલકતમાં બિન કાયદેસર રીતે પ્રવેશી બાંધકામ કરનાર સામે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ ના કાયદા મુજબ સમાવેશ કરી આ વરદાન હોસ્પિટલ ના ડોકટર હિતેશ પટેલ સામે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એકટ ૨૦૨૦ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા માટે દાહોદ જીલ્લા કલેક્ટરને ફરિયાદ કરવામાં આવી છે.

આમ ફતેપુરા શહેરના વરદાન હોસ્પિટલના ડો.હિતેશ પટેલ સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ જીલ્લા કલેકટરને ફરિયાદ કરાતા ફતેપુરા તાલુકામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## ફતેપુરામાં ટ્રેક્ટર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ મહિલાનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાન ફતેપુરા નગરમાં એક ટ્રેક્ટરના ચાલકે એક મોટરસાઈકલ પર સવાર એક મહિલા સહિત બેને અડફેટમાં લેતાં મોટરસાઈકલની પાછળ બેઠેલ એક મહિલાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી મેના રોજ ફતેપુરા તાલુકાના નવાગામે કાચલા ફળિયામાં રહેતાં નારણભાઈ દિનેશભાઈ પારગી તથા ચેતનાબેન શંકરભાઈ પારગી એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ ફતેપુરા નગર ખાતે કરીયાણાનો સામાન ખરીદવા ગયાં હતાં જ્યાં બપોરના સાડા બારેક વાગ્યાના આસપાસ એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નારણભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં નારણભાઈ અને મોટરસાઈકલની પાછળ બેઠેલ ચેતનાબેન જમીન પર ફંગોળાયાં હતાં જેને પગલે ચેતનાબેનને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં ચેતનાબેનનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે નારણભાઈ દિનેશભાઈ પારગીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ફુલપરી ગામે વહેલી સવારે ઘર સુઈ રહેલા બે બાળકીઓ ઉપર દિપડા હુમલો કરતાં ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફુલપરી ગામે ગતરોજ વહેલી સવારના સમયે એક આદમ ખોર દિપડાએ ઘરમાં એક ખાટલા પર સુઈ રહેલ બે સગી બહેનો બાળ અવસ્થાની જેઓને દિપડાએ ખાટલા પરથી ખેંચી કાઢી ઘરની બહાર લઈ જઈ મોઢાના ભાગે તેમજ માથા ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડતા ઘરમાં બુમાબુમ થઈ જતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં ત્યારે દિપડાએ બંન્ને બાળકીઓને લોહી લુહાણ હાલતમાં સ્થળ પર મુકી નાસી જતાં બંન્ને બાળકીઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હોવાનું



જાણવા મળે છે.

ફુલપરી ગામે રહેતાં અંકિલભાઈ બચુભાઈ ડામોર વહેલી સવારના ત્રણેક વાગ્યાના આસપાસ પોતાના ઘરની બહાર લઘુશંકા માટે નીકળ્યાં હતા ત્યારે ઘરનો ઓસરીનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો અને તેજ સમયે એક આદમ ખોર દિપડો ઓસરીમાં ઘુસી ગયો હતો જ્યાં ઓસરીમાં ખાટલામાં મીઠી નિંદર માણી રહેલ અંકિલભાઈને બે દિકરીઓ જેમાં વસનાબેન (ઉ.વ.૦૩) અને કાવ્યાબેન (ઉ.વ.૫) આ બંન્ને દિકરીઓને આદમ ખોર દિપડાએ તરાપ મારી બંન્ને દિકરોને ખાટલા પરથી ખેંચી કાઢી ઘરની બહાર લઈ ગયો હતો જ્યાં દિપડાએ બંન્ને બાળાઓ ઉપર જીવલેણ હુમલો કરી મોઢાના ભાગે તેમજ માથાના ભાગે બચકા ભરી તેમજ પંચા મારી લોહીલુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બંન્ને બાળકીઓના રડવાનો અવાજ થતાં દોડી આવેલ અંકિલભાઈએ બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. લોકોને આવતાં જોઈ આદમ ખોર દિપડો નાસી છુટ્યો હતો. ઘટનાને પગલે ગ્રામજનોમાં દિપડાના આતંકને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. બંન્ને ગંભીર ઈજાગ્રસ્ત બાળકીઓને પ્રથમ લીમખેડાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જયાંથી વધુ સારવાર માટે બંન્ને બાળકીઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. વહેલી પરોઢે દોડી આવેલ નજીકના જંગલ ખાતાના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સ્થળની મુલાકાત કરી હતી. દિપડાને પકડી પાડવામાં માટે જંગલ ખાતાના અધિકારીઓએ ફુલપરી ગામે બે પાંજરા મુકવામાં આવ્યાં છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.230

# પાનમ ડેમમાં ૩૩ ટકા જેટલો પાણીનો જથ્થો યથાવત

## ચોમાસા પછી પણ સિંચાઈ અને પીવાનું પાણી મળી રહેશે

શહેરા,

શહેરા નગર અને તાલુકાના આશીર્વાદ સમાન પાનમ ડેમમા ૩૩ ટકા જેટલો પાણીનો જથ્થો યથાવત છે. આ પાણી નો જથ્થો ચોમાસા પછી પણ એક વર્ષ સુધી ચાલી શકે એટલો છે.જેથી ૫૦ થી વધુ ગામો ને પીવા માટે અને ખેડૂતોને સિંચાઈ માટે સમયસર પાણી મળી રહશે તેમજ હાલ પાનમની સિંચાઈ કેનાલમાં પાણી છોડવામાં આવી રહયુ નથી.જ્યારે હડફ ડેમ માં ૫૫ટકા અને કરાડ ડેમમાં ૧૬, ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પંચમહાલ જીલ્લાના જીવાદોરી સમાન પાનમડેમ ખેડૂતો અને ૫૦ થી વધુ ગામો ના લોકો માટે આશીર્વાદ સમાન છે. હાલ પાનમ જળાશય મા ૩૩ % ટકા પાણી નો જથ્થો છે આ પાણી નો જથ્થો ચોમાસા સુધી અને તેના પાછળ ના મહિનાઓ સુધી ચાલી શકે તેટલો છે.ખેડૂતો માટે આશિર્વાદ સમાન પાનમ સિંચાઈ કેનાલ નું પાણી લુણાવાડા તાલુકા , પંચમહાલ જીલ્લાના ગોધરા,શહેરા,અને વડોદરા જીલ્લાના ડેસર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડુતોને સિંચાઈ માટે પાણી મળતુ હોય છે. શહેરા નગર અને તાલુકા સહિત અન્ય ગામો મળી ૫૦ થી વધુ ગામો ને હાલમાં આ પાનમ ડેમ માંથી પીવાનુ પાણી પુરૂ પાડવામા આવવા સાથે પાનમ જળાશય ના પાણીથી સિંચાઈ તળાવો ભરવામાં આવતા હોય છે. જ્યારે પાનમડેમમા પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. જેના કારણે એક વર્ષ સુધી પાણી પુરવઠા યોજના દ્વારા અપાતા ગામો અને ખેડુતોને સિંચાઈમાટે પાણીની સમસ્યા સર્જાશે નહીં તેમજ ખેડૂતોને પણ ખેતી માટે સમયસર પાણી મળી રહશે તેમજ મોરવા હડફ ડેમમાં ૫૫ ટકા અને કરાડ ડેમ માં ૧૬ ટકા પાણીનો જથ્થો છે. જીલ્લા માં આવેલા ત્રણ જળાશયમાંથી સૌથી વધુ પાણીનો જથ્થો મોરવા હડફ ડેમમાં જોવા મળી રહ્યો હોય ત્યારે આવનાર દિવસોમા ખેતી માટે સિંચાઈ કેનાલમાં ખેડૂતોના હિત માટે પાણી છોડવામાં આવે એવી શક્યતાઓ હોવા સાથે આ ત્રણ જળાશય માંથી પાણી મેળવતા ખેડૂતોને ખેતી માટે સમયસર પાણી મળી શકશે.



**રેન્દ્રસિંહ આર તલાર**
**નાયબ કાર્યપાલક ઈજનેર**
**પાનમ જળાશય યોજના**

પાનમ ડેમમાં ૩૩ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ખેડૂતોને સિંચાઈ માટે અને ૫૦ ઉપરાંત ગામોને પીવા માટે પાણી મળી રહેશે તેમ છે હાલ જળાશયમાં ૩૩% પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાથી એક વર્ષ સુધી ચાલી શકે તેટલો પાણીનો જથ્થો છે.

# ગોધરા કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટી પંચમહાલ ની કારોબારી ની સભા યોજાઈ

ગોધરા,

ગોધરા નાં ગદૂકપુર ખાતે આવેલ ભારતીય જનતા પાર્ટી નાં પંચમહાલ જીલ્લા કાર્યાલય ખાતે જીલ્લા ભાજપ કારોબારી ની એક મિટિંગ યોજાઈ હતી જેમાં તાજેતર મા નવા નિમણુંક પામેલ પંચમહાલ જીલ્લા ભાજપ સંગઠન નાં પ્રભારી સંજય પટેલ નું ઉષ્મા ભેર સ્વાગત કરવા મા આવ્યું હતુ.

કારોબારી મિટિંગ મા આગામી એક મહિના સુધી વિશેષ સંપર્ક અભિયાન બાબતે વિસ્તૃત ચર્ચા કરવા મા આવી હતી જેમાં સમગ્ર દેશ મા એક જ રૂપરેખા સાથે પંચમહાલ જીલ્લા મા પણ વિશેષ સંપર્ક અભિયાન એક મહિના સુધી ચાલનાર છે.

સમગ્ર કાર્યક્રમ મા વિશેષ સંપર્ક અભિયાન મા ભારતીય જનતા પાર્ટી ની દેશ મા જ્યારથી સરકાર બનેલ છે તેની સિદ્ધિ ઓ જન સંપર્ક દ્વારા જન જન સુધી પહોંચાડવા સમગ્ર એક મહિના દરમિયાન કામે લાગવા જીલ્લા સંગઠન નાં તમામ હોદ્દેદારો ને અપીલ કરી હતી.



સભા દરમિયાન વિશેષ સંપર્ક અભિયાન મા વિવિધ કાર્યક્રમો ની વિગત વાર માહિતી મહામંત્રી કુલદીપસિંહ સોંલકી અને ઉપપ્રમુખ મેહુલભાઈ પટેલ દ્વારા આપવા મા આવી હતી.

આજ ની કારોબારી મા નવ નિયુક્ત જીલ્લા સંગઠન પ્રભારી સંજય પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, સાંસદ રતન સિંહ રાઠોડ, મોરવા હડફ ધારાસભ્ય નિમીષા બેન સુથાર,કાલોલ નાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને જીલ્લા સંગઠન નાં મહામંત્રી કુલદીપસિંહ, મયંકભાઈ અને ધવલભાઈ તેમજ પ્રદેશ કારોબારી સભ્ય પવન ભાઈ અને સમગ્ર જીલ્લા નાં વિવિધ મંડલ નાં હોદ્દેદારો અને જીલ્લા કારોબારી તેમજ હોદ્દેદારો ની ઉપસ્થિતિ મા આ મિટિંગ યોજાઈ હતી.

આમ આગામી ૩૦ મી મે થી ૩૦ જુન સુધી ભારતીય જનતા પાર્ટી સતત જન સંપર્ક નાં કાર્યક્રમો કરનાર છે.

આ કાર્યક્રમો દ્વારા આગામી લોકસભા ની ચુંટણી ની તૈયારીઓ નો આરંભ પણ માની શકાય એમ છે.

# સુરેલી ગામની ગોમાં નદી માંથી ગેરકાયદેસર રેતી ચોરીના સમાચાર પ્રસિદ્ધ થતા તંત્ર દોડતું થયું



કાલોલ,

સુરેલી ગામની ગોમા નદી માંથી ગેરકાયદેસર સફેદ રેતી ચોરી પ્રકરણ ના સમાચાર પ્રસિદ્ધ થતા જીલ્લા કલેકટર એ ખાણ ખનીજ વિભાગ ને તપાસ ના આદેશ આપતા ખાણ ખનીજ વિભાગ ના અધિકારીઓ દોડતા થયા અને ખાણ ખનીજ ની ટિમ દ્વારા સુરેલી નદી ના ખાડા માપી આગળ ની કાર્યવાહી હાથ ધરી કાલોલ તાલુકાના સુરેલી ગામની ગોમાં નદી માંથી ગેરકાયદેસર રીતે સરકારી મિલકત માંથી સફેદ રેતી નું ખનન થય રહયુ હતુ જેને લય ગામના સરપંચ દ્વારા ટેક્ટર માલીક ને રેતી ખનન કરતા અટકાવવામાં આવીયા હતા જેને લય મામલો બીચકાયો હતો અને મામલો ઉગ્ર બનતા ગામના સરપંચ દ્વારા વેજલપુર પોલીસ તેમજ ખાણ ખનીજ ના અધિકારીઓ ને બોલાવવામાં આવ્યા હતા અને ટેક્ટર ની અટકાયત કરી વેજલપુર પોલીસ મથકે હુમલા ની ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી જેને લય સરકારી તંત્ર માં દોડ ધામ મચી જવા પ્રામી હતી અને ખાણ ખનીજ ના અધિકારીઓ સુરેલી ગામની ગોમાં નદી માંથી ગેરકાયદેસર રીતે સરકારી મિલકત માંથી સફેદ રેતી ચોરીના ખાડા ની માપણી કરવામાં આવી છે જેથી હવે પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ ના અધિકારીઓ દ્વારા કયા પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે જોવું રહયુ.

# ગોધરા મિત્ર મંડળ ગૃપ દ્વારા ધ કેરલ સ્ટોરી ફિલ્મ ૫૦૦ બહેનોને નિઃશુલ્ક બતાવવાનું આયોજન કર્યુ



ગોધરા,

ગોધરાની પાવન ધરતી પર મિત્ર મંડળ ગ્રૂપ દ્વારા THE KARALA STORY પિકચર આવવાની હતી જેથી પિકચર ને ૫૦૦ બહેનો માટે નિઃશુલ્ક બતાવાય તેવું આયોજન મિત્ર મંડળ ગ્રૂપ દ્વારા કરાયું હતું પરંતુ બહેનો પાસેથી સારા પ્રમાણમાં ઉત્સાહ જોવા મળ્યો જેથી ગ્રૂપ દ્વારા નક્કી કરાયું ૧૦૦૦ ઉપરાંત બહેનો માટે નિઃશુલ્ક THE KERALA STORY મિત્ર મંડળ ગ્રુપ દ્વારા બતાવાય તેવું આયોજન પણ થયું અગાઉ તારીખ ૧૫ અને ૧૬ એ રાજાઈ સ્કવેર ખાતે રાખ્યું હતું આપણી માતા બહેનો આવા કોઈ જેહાદી ષડયંત્ર ના શિકાર ન થાય તે હેતુ ને ધ્યાન પર લઈ આયોજન કરાયુ હતું તેમાં રાજાઈ સ્કવેર ટોકીઝ ના સર્વે પરિવાર નો ખૂબ સારો સાથ સહકાર પણ મળેલ છે તે બદલ રાજાઈ સ્કવેર નો પણ મિત્ર મંડળ ગ્રૂપ વતી આભાર વ્યક્ત કરીયે છે.

# હાલોલના નવા ગામ બાંધેલી ગામે આરોપી ઈસમ પાસેથી બે ચોરી બાઈકો રીકવર કરતી LCB પોલીસ

હાલોલ,

હાલોલ તાલુકાના નવા ગામ બાંધેલીના નવાડ ફળીયામાં રહેતા ઈસમ કોઈ જગ્યાએથી બે બાઈકો ચોરી લાવી ઘર પાછળ સંતાડી વેચવાના પેરવીમાં હોય તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળી પોલીસે બાતમીના આધારે રેઈડ કરી ચોરીના બે બાઈક સાથે આરોપીને ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, હાલોલના નવા ગામ બાંધેલી નવાડ ફળીયામાં રહેતા રાજકુમાર ઉર્ફે દુંગો શંકરભાઈ રાઠવા કોઈ જગ્યાએથી ચોરી અથવા છળકપટથી બે બાઈકો ચોરી લાવી ઘરપાછળ સંતાડેલ છે. અને વેચવાની પેરવી હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ચોરીના બાઈક પેશન બાઈક નં.જીજે.૧૭.એવી.૫૫૧૨, પેશન બાઈક નંબર વગરની સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. હતો. પોલીસની પુછપરછ દરમિયાન બાઈક હાલોલ જુની કોર્ટ સામેથી જયારે બીજી બાઈક પાવાગઢ ભગવતી આશ્રમ સામે પાર્કીંગ માંથી ચોરી કર્યાની કબુલાત કરતા હાલોલ અને પાવાગઢ પોલીસ મથકનો ચોરી બાઈકના ગુન્હાનો ભેદ ઉકેલથી એલ.સી.બી.પોલીસ.

# ગોધરા પાલિકા વિસ્તારના જાહેર માર્ગોની સફાઈનો કોન્ટ્રાકટ પુરી થતાં સાફ સફાઈ અટકતા ગંદકીનું સામ્રાજય

ગોધરા,

ગોધરા નગર પાલિકા વિસ્તાર જાહેર માર્ગોનો સાફસફાઈનો બે વર્ષનો કોન્ટ્રાકટ પુરો થતાં જાહેર માર્ગ ઉપર સાફસફાઈ બંધ થતાં માર્ગ ઉપર ગંદકીના ઢગલાઓ જોવા મળી રહી છે. એક તરફ જી-૨૦ અંતર્ગત સ્વચ્છ ગોધરા બનાવવાનો દાવાઓની પોલ ખુલી જવા પામી છે.

ગોધરા શહેરના મુખ્ય માર્ગોની સાફ સફાઈનો બે વર્ષનો કોન્ટ્રાકટર આપવા આવ્યો હતો. આ કોન્ટ્રાકટર અંતર્ગત જહરપુરા માર્કેટ અને જાહેર માર્ગોની સફાઈ આવતી હોય પરંતુ સફાઈ કોન્ટ્રાકટ પુરો થતાં અને નવો કોન્ટ્રાકટર રીન્યુ નહિ થતાં શહેરના જાહેર માર્ગો અને જહરપુરા માર્કેટમાં સફાઈની કામગીરી બંધ થતાં જ માર્ગો ઉપર કચરા અને ગંદકીનું સામ્રાજય અને કચરાના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. સાફ સફાઈના અભાવે જહુરપુરા માર્કેટમાં ગંદકી અને સાફસફાઈ નહિ થતાં શાકમાર્કેટમાં ખરીદી માટે આવતા નગરજનો દુર્ગંધ થી પરેશાન થઈ રહ્યા છે. પાલિકા તંત્ર શહેરના જાહેર માર્ગો અને જહુરપુરા માર્કેટમાં સાફસફાઈની કામગીરી બંધ થતાં ગંદકીના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. છતાં પાલિકા સત્તાધિશો અને તંત્ર જાહેર માર્ગ અને જહુરપુરા માર્કેટમાં સ્વચ્છતાના અભાવે જોવા મળતી ગંદકીનો અને સાફસફાઈના નિકાલનો ઉકેલ લાવીને શહેરની નર્કાગાર સ્થિતી માંથી મુકત કરવા પ્રયત્ન કરશે તે જોવું રહ્યું.

# શહેરાના અણીયાદ ચોકડી વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાથી લોકો પરેશાન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા અણીયાદ ચોકડી વિસ્તાર માંથી પસાર થતા માર્ગ ઉપર ટ્રાફિક સમસ્યા સર્જાતા અહીંથી પસાર થતા વાહન ચાલકો હેરાન પરેશાન થતા હોવા સાથે સમયનો પણ વેડફાટ થતો હોય છે.માર્ગને અડીને વાહન ચાલકો પોતાના નાના-મોટા વાહનો મૂકીને જતા રહેતા હોય તેમ છતાં પોલીસ તંત્ર દ્વારા આ સામે અસર કારક કાર્યવાહી કરવામા અહી નહિ આવતા ટ્રાફિક સમસ્યા સાથે નાના મોટા અકસ્માતો અમુક સમયે બનતા હોય ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવવી જોઈએ સાથે વાહન ચાલકોના માથાના દુખાવા સમાન બનેલ આ ટ્રાફિક સમસ્યા હલ થાય તે માટે ની કાર્યવાહી કરાશે ખરી? સતત વાહનોથી આ ધમધમતા માર્ગ ઉપર ટ્રાફિક સમસ્યા ના કારણે અમુક સમયે વાહન ચાલકો ની નારાજગી પણ સંબંધિત તંત્ર સામે જોવા મળતી હોય છે.

# કાલોલના જંત્રાલ ગામે તળાવ પાસે ઝાડી માંથી ૧.૬૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

કાલોલ તાલુકાના જંત્રાલ ગામે તળાવ પાસે ગામના ઈસમે ઝાડ ઝાખરામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૧,૬૮,૦૦૦/-રૂપીયા મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના જંત્રાલ ગામે રહેતા ગોવિંદ ચંદુભાઈ રાવળએ ગામના તળાવ પાસે ઝાડી ઝાંખરામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ માટે ઉતારેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી રોયલ સ્પેશીયલ વ્હીસ્કી બોટલ નંગ૧૬૮૦ કિંમત ૧,૬૮,૦૦૦/- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પોલીસની કાર્યવાહી દરમિયાન આરોપી મળી નહિ આવતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.

# ઘોઘંબા પોલીસ મથકના વાહન અકસ્માતના ગુન્હાના આરોપીને ઘોઘંબા ખાતેથી ઝડપ્યો

ગોધરા,

છેલ્લાં ૧૨ વર્ષથી રાજગઢ પોલીસ મથકના વાહન અકસ્માતના ગુન્હામાં નાસતા ફરતા અને બહુરૂપીનું રૂપ ધારણ કરી પોલીસ પકડથી બચત ફરતા આરોપીને પંચમહાલ એલ.સી.બી.પોલીસે બાતમીનાં આધારે ઘોઘબાનાં બજારમાંથી ઝડપી પાડયો હતો. આરોપી બહરૂપી નું રૂપ ધારણ કરી નાસતો ફરતો હતો. પંચમહાલ એલ.સી.બી.પોલીસ દ્વારા હ્યુમન સોર્શિસ તથા ટેકનીકલ સર્વેલન્સ આધારે માહિતી મેળવી હતી કે રાજગઢ પોલીસ મથક ખાતે વર્ષ ૨૦૧૧માં નોંધાયેલા વાહન અકસ્માતનાં ગુન્હામાં સંડોવાયેલો અને પોલીસ થી નાસતો ફરતો વોન્ટેડ આરોપી પુનારામ ઉર્ફે પુનમભાઈ કાંતિભાઈ દવે,રહે.વૃંદાવન સોસાયટી,કાલોલ હાલમાં ઘોઘબાનાં બજારમાં આવેલો છે.જે બાતમી આધારે પંચમહાલ એલ.સી.બી.પોલીસે ચોક્કસ બાતમી વાળી જગ્યાએ જઈ વોચ રાખી ઉપરોક્ત આરોપી ને ઝડપી પાડયો હતો.તેમજ આરોપી વિરુદ્ધ વધુ કાર્યવાહી અર્થે રાજગઢ પોલીસ મથકે સોંપવાની તજવીજ હાથ ધરી હતી.

# ગોધરા શહેરના બહારપૂરા વિસ્તારમાં પરિણીતાને શારીરિક માનસિક ત્રાસ આપતા સાસરિયાઓ સામે મહિલા પોલીસમથકે ફરીયાદ નોંધાવા પામી છે

ગોધરા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરમાં રહેતા એક મહિલાના લગ્ન ગોધરા શહેરના બહારપૂરા વિસ્તારમાં રહેતા સંતોશભાઈ મગનભાઈ ચૌહાણ સાથે સને ૨૦૧૮ માં થયા હતા, લગ્ન થયાના થોડા સમય સુધી તેઓના પતિએ તેઓ સાથે સારું રાખ્યું હતું, ત્યારબાદ પરિણીતાના પતિને અન્ય સ્ત્રી સાથે આડા સબંધ બંધાતા તેઓ પરિણીતાને ત્રાસ આપવા માંડયા હતા, સંતોષભાઈ ચૌહાણ પરિણીતા પર ખોટા શક અને વહેમ રાખીને માનસિક ત્રાસ આપતા હતા, તેમજ અપશબ્દો બોલીને ગડદા પાટુંનો માર પણ મારતા હતા, જયારે પરિણીતાના સસરા મગનભાઈ ચીમનભાઈ ચૌહાણ અને સાસુ કમુબેન મગનભાઈ ચૌહાણ પણ પરિણીતાને સતત મહેણા ટોના મારીને અપશબ્દો બોલીને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા, ત્યારે પરિણીતાએ કંટાળી જઈને ગોધરા મહિલા પોલીસમથકે પતિ, સાસુ અને સસરા સામે ફરિયાદ નોંધાવી છે.

# ઘોઘંબા પાધોરા ટેકરા ફળિયામાં પાણીથી કંટારેલી મહિલાઓએ તાલુકા પંચાયતમાં માટલા ફોડ્યા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં પાણીની સમસ્યા દિનપ્રતિદિન વધતી જાય છે ત્યારે પાધોરા ગામે ટેકરા ફળિયામાં અંદાજીત ૨૫ એક જેટલા ઘરો આવેલા છે અહીં રહેતા લોકોને પાણી માટે દૂર દૂર સુધી ખાનગી માલિકોના ખેતરોમાં પાણી ભરવા જવું પડે છે સરપંચ ને રજૂઆત કરવા છતાં પાણીની સમસ્યા હલ ના થતા મહિલાઓ દ્વારા આજરોજ પાણીના માટલા ઘોઘંબા તાલુકા કચેરી સામે ફોડ્યા હતા.

પાધોરા ગામે નલ સે જલ યોજના અંતર્ગત ગામમાં યોજનાનું કામ ડુંગર ફળિયાને છોડીને બીજા ફળિયામાં કરવામાં આવ્યું છે આ કામ પણ અધૂરૂં છે ફળિયાના હેડ પંપ તથા બોર બંધ હોય મહિલાઓને પાણી માટે વલખા મારવા પડે છે. ટેકરા ફળિયાની ૪૦ એક જેટલી મહિલાઓએ આજે ઘોઘંબા તાલુકા પંચાયત ખાતે આવી માટલા ફોડી ટેન્કર દ્વારા પાણી આપવાની રજૂઆત કરી હતી.

# પંચમહાલ જીલ્લાના નાગરિકો પીવાના પાણીને લગત હેલ્પલાઈન નંબર ૧૯૧૬ પર પોતાની ફરિયાદ નોધાવી શકે છે

ગોધરા,

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન કમ્પ્લેઈન રજીસ્ટર કરવા માટે કંટ્રોલ રૂમ કાર્યરત છે. જેનો ટોલ-ફ્રી હેલ્પ લાઈન નંબર ૧૯૧૬ છે. જેના પર પીવાના પાણીને લગત ફરિયાદ નોંધવામાં આવે છે અને સદર ફરિયાદનો નિકાલ થયેથી જે-તે વ્યક્તિને તેની જાણ કરવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ સદર ટોલ-ફ્રી નંબર પર પાણીને લગતી વિવિધ પ્રકારની બાબતોને લગત ફરિયાદ જેવી કે હેન્ડપંપને લગત, સ્વચ્છતાને લગત, પાણી ક્વોલીટીને લગત, પાણીના જથ્થાને લગત, વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાને લગત, જુથ પાણી પુરવઠા યોજનાને લગત, લાઈન લીકેજને લગત, પાણી ચોરીને લગત વગેરે બાબતે ફરિયાદ નોંધાવી શકે છે તેમ કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ,ગુ.પા.પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ ગોધરા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગોધરા ચેતનદાસ પ્લોટ વિસ્તારની પરણિતાને માનસીક ત્રાસ આપી ત્રિપલ તલાક આપતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરના ચેતનદાસ પ્લોટ વિસ્તારમાં પરિણીતાને માનસિક ત્રાસ આપીને ત્રિપ્લ તલાક આપી દેતા શહેર ઈ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે. ગોધરા શહેરના ઈદગાહ મહોલ્લા વિસ્તારમાં રહેતા રિહાના ગુલાબ હૈદર ચાંદાએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે, જેમાં તેઓએ જણાવ્યું છે કે તેઓની પુત્રી નસરીનના લગ્ન આજથી એક વર્ષ અગાઉ હમીરપુર રોડ પર આવેલી મક્કી મસ્જિદ પાસે રહેતા ફૈસલ સુલેમાન મોહન સાથે થયા હતા, લગ્ન બાદ ફૈસલ મોહનને ગમતી ન હોય અવારનવાર તેઓ વચ્ચે તકરાર અને ઝઘડા થતાં હતા, એકમાસ અગાઉ ફૈસલ મોહને નસરીનને ઘરમાંથી ઝઘડો કરીને મોકલી દીધા હતા, જેને લઈને નસરીન તેની માતા રિહાના સાથે રહેતા હતા, ગત ૧૯ તારીખે રિહાનાબેન તેઓની પુત્રી સાથે શુક્રવાર કરવા માટે ચેતનદાસ પ્લોટ વિસ્તારમાં આવેલ ઝકરિયા મસ્જિદ પાસે રહેતા પોતાના માતાના ઘરે ગયા હતા, જે અરસામાં ફૈસલ મોહન તેની માતા શકીના સાથે આવ્યો હતો, અને બૂમાબૂમ કરીને અપશબ્દો બોલવા લાગ્યો હતો, અને રિહાનાબેનને જણાવ્યું હતું કે નસરીનને બહાર બોલાવો, તેમ જણાવતા રિહાનાબેને નસરીનને બહાર બોલાવતા ફૈસલ મોહને જણાવ્યું હતું કે મારે બીજી શાદી કરવાની છે, તેમ જણાવી ત્રણવાર તલાક બોલીને ત્રીપ્લ તલાક આપી દીધા હતા, ત્યારે સમગ્ર ઘટનાને લઈને ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે મુસ્લિમ મહિલા અધિનિયમ કાયદા હેઠળ ગુનો નોંધાવા પામ્યો છે.